RNI No:- GUJGUJ/2011/39896

ગાંધીનગરથી પ્રસિધ્ધ થતુ નિડર અને ધ્યેયલક્ષી દૈનિક

દૈનિક

# અખંડ ભારત

AKHAND BHARAT

ન્યાયક્ષેત્ર ગાંધીનગર રહેશે

તંત્રી : તેતરવાલ રૂપસિંહ હેમારામ ● વર્ષ: ૧૩ ● અંક: ૩૫૬ ● તારીખ: ૦૨-૦૪-૨૦૨૫,બુધવાર● પાના : ૮ ● કિંમત :૧.૫૦=૦૦ રૂપિયા ● Annual Subscription-Rs.૫૦૦

ADD. I-406, Amardeep residency, NR. Pushkar bungalow, Nana chiloda, Ahmedabad/ Gandhinagar - 382330, Email : roopsinghtetarawal@gmail.com, WEB: https://akhandbharatdainik.com

# ડીસામાં ફટાકડાની ફેક્ટરીમાં આગ લાગતાં ૧૮ શ્રમિકોના મોત



બનાસકાંઠાના ડીસામાં પર ફટાકડાની ફેક્ટરીમાં ભીષણ આગના કારણે ૧૮ શ્રમિકોએ જીવ ગુમાવ્યા છે. ફટાકડાની ફેક્ટરીમાં પ્રચંડ બ્લાસ્ટ થયા બાદ આગ ફેલાઇ હતી. બ્લાસ્ટ એટલો પ્રચંડ હતો કે ગોડાઉન ધરાશાયી થઈ ગયું અને કામ કરી રહેલા શ્રમિકોના શરીરના ટુકડા થઈ ગયા હતા. મૃત્યુઆંક હજુ પણ વધવાની આશંકા છે.મળતી માહિતી મુજબ, ડીસામાં ઢુંવા રોડ પર આવેલી ફટાકડાની ફેક્ટરીમાં વહેલી સવારે ભીષણ આગ લાગી હતી. ટૂંક જ સમયમાં આગે વિકરાળ સ્વરૂપ ધારણ કરી લીધું હતું. ઘટનાની જાણ થતાં તુરંત ફાયર વિભાગની ટીમ ઘટનાસ્થળે દોડી આવી અને આગ પર કાબૂ મેળવ્યો હતો. વિસ્ફોટ એટલો ભયાનક હતો કે શ્રમિકોના અંગના ટુકડા દૂર દૂર સુધી ફેંકાયા હતા. ૨૦૦ મીટર સુધી ફેક્ટરીનો કાટમાળ ફેલાયો હતો, જે હટાવવા માટે JCBની મદદ લેવાઈ હતી. વિસ્ફોટના કારણે ગોડાઉન પણ ધરાશાયી થઈ ગયું હતું. પાંચ જેટલા શ્રમિકોને સિવિલ હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા છે. તમામ મૃતકો મધ્ય પ્રદેશના રહેવાસી હોવાનું અનુમાન છે. મળતી માહિતી પ્રમાણે આ શ્રમિકો હાલમાં જ પૈસા કમાવવા માટે અહીં જોડાયા હતા અને મજૂરી કરતાં. મૃતકોની ઓળખ માટે કાર્યવાહી શરૂ કરવામાં આવી છે. બનાસકાંઠાના કલેક્ટર મિહિર પટેલે જણાવ્યું છે, કે ‘આજે સવારે અમને ડીસાના ઔદ્યોગિક ક્ષેત્રમાં ભયાનક વિસ્ફોટની જાણકારી મળી. ફાયર વિભાગની ટીમે ઘટનાસ્થળે પહોંચીને આગ પર કાબૂ મેળવ્યો હતો. ઈજાગ્રસ્ત શ્રમિકોને હોસ્પિટલ લઈ જવાયા છે. વિસ્ફોટના કારણે ફેક્ટરીનો સ્લેબ ધરાશાયી થયો હતો.‘ જાણકારી અનુસાર ગોડાઉન માત્ર ફટાકડાનો સ્ટોક કરવાની જ મંજૂરી હતી છતાં ત્યાં ફટાકડા બનાવવાની ફેક્ટરી શરૂ કરી દેવાઈ હતી.

## કેનેડામાં કામ કરતાં ભારતીયો માટે ખુશીના સમાચાર,લઘુતમ પગારમાં વધારો



કેનેડામાં વસતાં અને કામ કરતાં ભારતીયો માટે ખુશીના સમાચાર આવ્યા છે. કેનેડાની સરકારે આજથી કર્મચારીઓ માટે લઘુતમ પગાર વધાર્યો છે. કેનેડાએ ફેડરલ અને પ્રોવિશલ મિનિમમ પગારમાં ૨.૪ ટકા અર્થાત ૦.૪૫ ડોલર પ્રતિ કલાકનો વધારો કર્યો છે. હવે એક એપ્રિલથી કેનેડામાં કામ કરતાં કર્મચારીઓનો લઘુતમ પગાર કલાકદીઠ ૧૭.૩૦ ડોલરથી વધારી ૧૭.૭૫ ડોલર કર્યો છે.

કેનેડામાં બેન્કો, પોસ્ટલ-કુરિયર, ટેલિકોમ્યુનિકેશન્સ સહિત ખાનગી સેક્ટર્સમાં કામ કરતાં કર્મચારીઓના પગારમાં ૨.૪ ટકાનો વધારો આજથી લાગુ થયો છે. આ પગાર વધારાનો લાભ કેનેડાના નાગરિકો ઉપરાંત ઈમિગ્રન્ટસ પણ લઈ શકશે.કેનેડા ઈમિગ્રન્ટસના સત્તાવાર આંકડાઓ પ્રમાણે, કેનેડાના ટેમ્પરરી ફોરેન વર્કર્સમાં ૨૨ ટકા ભારતીયો સામેલ છે. વર્ષ ૨૦૨૧માં ૧૩.૫ લાખ ભારતીયો કેનેડામાં વસે છે, જે દેશની કુલ વસ્તીના ૩.૭ ટકા છે.કેનેડામાં ફુગાવાના આધારે દર વર્ષે એપ્રિલમાં લઘુતમ પગારમાં ફેરફાર કરવામાં આવે છે. કેનેડાનો ફુગાવો ૨૦૨૪ની સરેરાશ કરતાં વધી ૨.૪ ટકા નોંધાયો છે. નવા પગાર ધોરણના આધારે કોર્પોરેટસ અને સંસ્થાઓને તમામ કર્મચારીઓના પગાર વધારવા આદેશ આપવામાં આવ્યો છે.

## આવતીકાલે લોકસભામાં રજૂ થશે વક્ફ બિલ, નીતિશ કુમારે વધાર્યું સસ્પેન્સ



વક્ફ સંશોધન બિલ બીજી એપ્રિલે લોકસભામાં રજૂ કરવામાં આવશે. બિલ પર ચર્ચા માટે ૧૨ કલાકના સમયની માંગ કરવામાં આવી હતી, જોકે છેવટે ચર્ચા માટે આઠ કલાકનો સમય નક્કી કરવામાં આવ્યો છે. પ્રશ્નકાળ બાદ બિલ પર ચર્ચા શરૂ થશે. ચર્ચા બાદ આવતીકાલે જ બિલ પસાર કરવા અંગે પણ નિર્ણય લેવાઈ શકે છે. નોંધનીય છે કે અગાઉ વક્ફ બિલ તૈયાર કરવામાં આવ્યું હતું બાદમાં તેને વિસ્તૃત ચર્ચા માટે JPCમાં મોકલવામાં આવ્યું હતું. JPCમાં પક્ષ અને વિપક્ષના નેતાઓની ચર્ચા બાદ બિલમાં સુધારા વધારા કરવા માટે ભલામણ કરવામાં આવી હતી. જે બાદ કેન્દ્રીય કેબિનેટ દ્વારા નવા બિલને મંજૂરી આપવામાં આવી હતી. વિપક્ષ દ્વારા કેન્દ્ર સરકારના વક્ફ સંશોધન બિલનો સખત વિરોધ કરવામાં આવી રહ્યો છે. બીજી તરફ NDAનો દાવો છે કે ભાજપના તમામ સાથી પક્ષો પણ બિલને સમર્થન આપશે. જોકે નીતિશ કુમાર અને ચિરાગ પાસવાને સસ્પેન્સ વધારી દીધું છે. બંને નેતાઓના પક્ષે હજુ સુધી બિલને સમર્થન આપવાની સત્તાવાર જાહેરાત કરી નથી. નીતિશ કુમારના પક્ષ JDUના નેતા ગુલામ ગૌસે સરકારને બિલ પાછું ખેંચવા અપીલ કરે છે, તેમણે કહ્યું છે કે ખેડૂત આંદોલન ચાલ્યું ત્યારે ઘણું નુકસાન થયું હતું, અને અંતે બિલ પરત ખેંચવું પડયું હતું. મારો પક્ષ આ બિલનું સમર્થન કરે છે એવું કહી શકાય નહીં, કારણ કે અમારા મુખ્યમંત્રી નીતિશ કુમારે આ મુદ્દે કોઈ નિવેદન આપ્યું નથી.

## પાદરી બજિન્દરને આજીવન કેદની સજા: યૌન ઉત્પીડન કેસમાં મોહાલી કોર્ટનો ચુકાદો



પંજાબનો સ્વયંભૂ પાદરી બજિન્દર સિંહને મોહાલી કોર્ટે હાલમાં જ દુષ્કર્મ કેસમાં દોષિત સાબિત કર્યો છે. આજે કોર્ટે તેને આજીવન કારાવાસની સજા ફટકારી છે. આ મામલે કોર્ટે ૨૮ માર્ચે જ તેને દોષિત જાહેર કરી દીધો હતો. તમામ પુરાવા અને સાક્ષીઓના આધારે પીડિતાને સાત વર્ષ બાદ ન્યાય મળ્યો છે. આ દુષ્કર્મના કેસમાં કુલ છ આરોપી હતાં. જેમાં પુરાવાના અભાવે પાંચનો બચાવ થયો હતો. પરંતુ બજિન્દર વિરૂદ્ધ પુરાવા સાબિત થતાં તેને સજા ફટકારવામાં આવી છે.૨૦૧૮માં તેના પર યૌન ઉત્પીડનનો કેસ દાખલ કરવામાં આવ્યો હતો. પીડિતાએ કોર્ટમાં દલીલ કરી હતી કે, બજિન્દર વિકૃત માનસિકતા ધરાવે છે. તે જેલમાંથી બહાર આવ્યા બાદ પણ આ પ્રકારના કૃત્યો કરતો રહેશે. તેથી હું તેને જેલમાં જોવા માગું છું. કોર્ટના આ નિર્ણયથી આજે અનેક પીડિતાઓને ન્યાય મળ્યો છે. પીડિતાએ ડીજીપીને પોતાના જીવ પર જોખમ હોવાનું કહી સુરક્ષા માટે અરજી પણ કરી છે.પીડિતાના પતિએ સાત વર્ષ સુધી કેસ લડયો હતો. તેણે પણ કોર્ટનો નિર્ણય સ્વીકાર્યો છે. તેણે જણાવ્યું કે, આ કેસમાં અમને સાત વર્ષમાં અનેક મુશ્કેલીઓ નડી છે. તેણે કોર્ટને ગેરમાર્ગે દોર્યા હતાં. તેણે અમારી વિરૂદ્ધ ખોટી એફઆઈઆર પણ નોંધાવી હતી. જેના લીધે મને છ મહિનાની જેલની સજા થઈ હતી. અમને ન્યાય પર વિશ્વાસ હતો અને આજે અમારી જીત થઈ છે.બજિન્દર વિરૂદ્ધ પોલીસે ૨૦૧૮માં દુષ્કર્મનો કેસ નોંધ્યો હતો. તે સમયે તેની દિલ્હી એરપોર્ટ પરથી ધરપકડ કરવામાં આવી હતી. બજિન્દર લંડન ફરાર થવાની ફિરાકમાં હતો. પંજાબના મોહાલીમાં એક મહિલાએ તેની વિરૂદ્ધ દુષ્કર્મની ફરિયાદ નોંધાવી હતી.પીડિતા ૨૦૧૬માં બજિન્દરના સંપર્કમાં આવી હતી. બજિન્દરે ૨૦૧૭માં તેને ઢાબા પર મળવા બોલાવી હતી. પીડિતાને પોતાની સાથે યુકે લઈ જવાનું કહી તેને પાસપોર્ટ લાવવા કહ્યું હતું.

## ટચ ફિંગર સર્વિસીસ કંપનીના સીઇઓને માનદ્ ડોકટરેટની પદવી એનાયત કરાઇ

ગાંધીનગર મુકામે હોટલ બ્લુ રોક નેશનલ હાઈવે ૮ ખાતે યોજાયેલ ટચ ફિંગર સર્વિસીસ કંપનીની મિટિંગમાં ટચ ફિંગર સર્વિસીસ કંપનીના સીઈઓ તથા અખંડ ભારત દૈનિક ન્યૂઝના તંત્રી શ્રી રૂપસિંહજી તેતરવાલને "વિવેકાનંદ ઈન્સ્ટિટયૂટ ઓફ મેનેજમેન્ટ એન્ડ ટેકનો સ્ટડીઝ દ્વારા માનદ્ ડોકટરેટની પદવી એનાયત કરવામાં આવી હતી. આ પ્રસંગે સદર સંસ્થાના ડાયરેક્ટર શ્રી ડો.અમિત રાવલ તથા કંપનીના હેડ ઓફ ધ ડિપાર્ટમેન્ટ એવા સર્વ મિત્રો ઉપસ્થિત રહ્યા હતા.



સમગ્ર કર્મચારી ગણ દ્વારા અભિનંદન સહ આશીર્વાદ પાઠવવામાં આવ્યા હતા.ડો.રૂપસિંહ તેતરવાલે ટચ ફીંગર સર્વિસીસ કંપની દ્વારા અનેક પ્રકારના આયામો કરીને સમાજલક્ષી વિશિષ્ટ પ્રવૃત્તિઓ કરવા કમર કસી છે તથા હાલ પણ કામ કરી રહ્યા છે. જેના અનુસંધાને આજ રોજ તેઓનું માનદ્ ડોક્ટરેટની પદવી આપી સન્માન કરવામાં આવ્યું હતું.અખંડ ભારત દૈનિક પરિવારે પણ તેઓને ખૂબ ખૂબ શુભેચ્છાઓ પાઠવી છે તથા ટચ ફિગંર સર્વિસ સંચાલિત તમામ સેક્ટરોના કર્મચારીઓ અને અધિકારીઓ તરફથી શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી.-

## યુપીમાં બુલડોઝર એક્શન પર સુપ્રીમ કોર્ટે સરકારને ઝાટકી, ૧૦-૧૦ લાખ વળતર આપવા આદેશ

સુપ્રીમ કોર્ટે પ્રયાગરાજમાં ૨૦૨૧માં થયેલા બુલડોઝર એક્શન પર મંગળવાર (૧ એપ્રિલે) નિર્ણય સંભળાવ્યો છે. કોર્ટે પ્રયાગરાજ ડેવલપમેન્ટ ઑથોરિટીએ ૫ અરજીકર્તાઓએ ૧૦-૧૦ લાખ રૂપિયા વળતર આપવાનો આદેશ આપ્યો છે. આ વળતર ૬ અઠવાડિયાની અંદર આપવામાં આવશે. કોર્ટે એ પણ કહ્યું કે નોટિસ મળ્યાના ૨૪ કલાકની અંદર મકાન પાડવાનું ખોટું હતું અને તેને ગેરકાયદેસર માન્યું છે.કોર્ટે કહ્યું કે આ વળતર એટલા માટે પણ જરૂરી છે કે જેથી ભવિષ્યમાં સરકાર યોગ્ય પ્રક્રિયા વિના લોકોના મકાન પાડવાનું ટાળે. જજોએ તાજેતરમાં જ સામે આવેલા એક વીડિયોનો પણ હવાલો આપ્યો, જેમાં ધ્વસ્ત થતી ઝૂંપડીથી એક બાળકી પોતાના પુસ્તકો લઈને ભાગી રહી હતી.ઉત્તર પ્રદેશના આંબેડકર નગરનો એક વીડિયો ૨૩ માર્ચે સોશિયલ મીડિયા પર ઝડપથી વાયરલ થયો હતો. આ વાયરલ વીડિયોમાં એક



બાળકી બુલડોઝરની કાર્યવાહી દરમિયાન પોતાની ઝૂંપડી તરફ દોડતી નજર આવી રહી છે. બાળકી ઝૂંપડીની પાસે પહોંચીને પોતાની પુસ્તકો લઈને જલ્દીથી બહાર આવે છે.સુપ્રીમ કોર્ટે આ પહેલા ૭ માર્ચે ઉત્તર પ્રદેશ સરકારને બુલડોઝર કાર્યવાહીને લઈને આકરી ફટકાર લગાવી હતી. પીડિતોનું કહેવું હતું કે રાજ્ય સરકારે ભૂલથી તેની જમીનને ગેંગસ્ટર અતીક અહેમદની સંપત્તિ માની લીધી. તેના કારણે પ્રયાગરાજમાં એક વકીલ, એક પ્રોફેસર અને ત્રણ અન્ય લોકોના ઘર પાડી દીધા.

## મહાત્મા ગાંધીના પ્રપૌત્રી નીલમબેન પરીખનું નવસારી ખાતે નિધન



મહાત્મા ગાંધીના પ્રપૌત્રી નીલમબેન યોગેન્દ્રભાઈ પરીખનું આજે(૧ એપ્રિલ, ૨૦૨૫) નવસારી ખાતે ૯૩ વર્ષની વયે નિધન થયું છે. તેઓ મહાત્મા ગાંધીના પુત્ર હરિદાસ ગાંધીની પૌત્રી હતા. નીલમબેન નવસારી જિલ્લાની અલકા સોસાયટીમાં તેમના પુત્ર ડૉ. સમીર પરખીના ઘરે નિવાસ કરતા હતા. આવતીકાલે સવારે ૮ વાગ્યે તેમના નિવાસ સ્થાનેથી અંતિમ યાત્રા નીકળશે. તેમના અંતિમ સંસ્કાર વીરાવળ સ્મશાન ભૂમિ ખાતે કરાશે.

તેઓ સાચા ગાંધીવાદી હતી. તેમણે પોતાનું આખું જીવન વ્યારામાં વિતાવ્યું. સમગ્ર જીવન દરમિયાન તેમણે મહિલા કલ્યાણ અને માનવ કલ્યાણના કાર્યોમાં સક્રિય યોગદાન આપ્યું હતું.

## તંત્રી લેખ...

# રેસિપ્રોકલ ટેરિફની ભીતિ વચ્ચે શેરબજાર કડડભૂસ

અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા લાગુ કરવામાં આવી રહેલાં રેસિપ્રોકલ ટેરિફના કારણે શેરબજારમાં રોકાણકારોએ સાવચેતીનું વલણ અપનાવ્યું છે. તેમજ શોર્ટ પ્રોફિટ બુક કરતાં જોવા મળતાં આજે સેન્સેકસમાં ૧૧૦૦થી વધુ પોઈન્ટ અને નિફટીમાં ૩૦૦થી વધુ પોઈન્ટનો કડાકો નોંધાયો છે. બીએસઈ ખાતે ૧૬૦ શેર વર્ષના તળિયે પહોંચ્યા છે. સેન્સેક્સ આજે ૫૦૦ પોઈન્ટના કડાકે ખૂલ્યા બાદ થોડી જ ક્ષણોમાં ૬૩૯.૧૩ પોઈન્ટ તૂટ્યો હતો. જે ૧૦.૩૦ વાગ્યે ૮૭૭.૩૧ પોઈન્ટના કડાકે ૭૬૫૩૭.૬૧ પર ટ્રેડ થઈ રહ્યો હતો. એનએસઈ નિફટીમાં મંદીનું જોર વધ્યું છે. આજે વધુ ૧૮૦.૨૫ પોઈન્ટ ગબડી ૨૩૩૩૯.૧૦ના નીચા સ્તરે પહોંચ્યો હતો. જે ૧૦.૩૦ વાગ્યે ૨૧૧.૬૦ પોઈન્ટના ઘટાડે ૨૩૩૦૭.૭૫ પર કારોબાર થઈ રહ્યો હતો. નિફટી૫૦ ખાતે આજે ૨૬ શેર સુધારા તરફી અને ૨૪ શેર ઘટાડા તરફી ટ્રેડ થઈ રહ્યા હતા.

# એપ્રિલમાં ૧૦ દિવસ બેન્કો બંધ રહેશે, બેન્કિંગ કામકાજ બાકી હોય તો વહેલાં પૂરા કરજો!




દરવર્ષે એક એપ્રિલના રોજ દેશભરની બેન્કોમાં રજા હોય છે. આરબીઆઈના નિયમો અનુસાર, નાણાકીય વર્ષના અંતિમ દિવસોમાં ક્લોઝિંગ ઓફ એકાઉન્ટન્સનું ભારણ વધુ હોવાથી એક એપ્રિલના રોજ બેન્કિંગ સેવાઓ બંધ રહે છે. જો કે, નેટ બેન્કિંગ અને ડિજિટલ ટ્રન્જેક્શનની સેવાઓ ચાલુ રહે છે. નવા નાણાકીય વર્ષ સાથે આરબીઆઈએ નવું બેન્ક હોલીડે કેલેન્ડર પણ રજૂ કરી દીધું છે.

ગુજરાતમાં બેન્કો એપ્રિલ મહિનામાં કુલ ૧૦ દિવસ બંધ રહેશે. જ્યારે દેશભરમાં વિકેન્ડ અને તહેવારની રજાઓને ગણતાં કુલ ૧૬ દિવસ બેન્કોના કામકાજ બંધ રહેશે. જેથી બેન્કના જરૂરી કામકાજ પૂરાં કરતાં પહેલાં હોલીડે લિસ્ટ અવશ્ય ચકાસી લેવું.એપ્રિલમાં જુદા-જુદા રાજ્યોમાં જુદા-જુદા તહેવારોના કારણે સ્થાનિક રજા ઉપરાંત જાહેર રજા સમાવિષ્ટ છે. જેમાં મહાવીર જયંતિ, આંબેડકર જયંતિ, ગુડ ફ્રાઈડે, બોહાગ બિહૂ, બસવા જયંતિ, અને અક્ષય તૃતિયા જેવા તહેવારો સામેલ છે. તદુપરાંત બાબુ જગજીવનરામ જયંતિ, સરહુલ, તમિલ ન્યૂ યર, હિમાચલ ડે, વિશુ, ચેઈરાઓબા, ગારિયા પુજા, અને પરશુરામ જયંતિ પણ સમાવિષ્ટ છે.ગુજરાતમાં કુલ ૧૦ દિવસ બેન્કો બંધ રહેશે. જેમાં ૧ એપ્રિલે જાહેર રજા, ૧૦ એપ્રિલે મહાવીર જયંતિ નિમિત્તે રજા રહેશે. ૧૪ એપ્રિલે આંબેડકર જયંતિના કારણે બેન્કો બંધ રહેશે. બાદમાં ૧૮ એપ્રિલે ગુડ ફ્રાઈડેના કારણે બેન્કોના કામકાજ બંધ રહેશે. આ સિવાય બીજો અને ચોથો શનિવાર ૧૨ એપ્રિલ, ૨૬ એપ્રિલ ઉપરાંત ૬ એપ્રિલ, ૧૩ એપ્રિલ, ૨૦ એપ્રિલ, ૨૭ એપ્રિલે રવિવારની રજા રહેશે.

# ૧૮થી ૨૪ મહિનાનું બાળક સમયસર બોલતાં ના શીખે, અવાજથી કાન પર હાથ રાખે તો ઓટીઝમ રોગ હોય શકે




૨ એપ્રિલને વિશ્વભરમાં વર્લ્ડ ઓટીઝમ ડે તરીકે ઉજવવામાં આવે છે. નાના બાળકોમાં થતો આ રોગ હવે ઝડપથી વધી રહ્યો છે. ૧૮થી ૨૪ મહિનાની ઉંમરના બાળકોમાં ન્યુરોલોજીકલ, એન્ડોલોજીકલ અને ગેસ્ટ્રોઈન્ટેસ્ટીનલ સિસ્ટમને અસર કરનાર આ બિમારી જાગૃતતા લાવવી જરૂરી છે. જે બાળકો વધારે હાઈપર, બોલતાં ન શીખે, બહાર કંઈ ફેંકી આવે જેવા લક્ષણો ધરાવતાં હોય તેવા બાળકોમાં ઓટીઝમ રોગ હોય શકે છે.વર્લ્ડ ઓટીઝમ અવેરનેસ ડે અંગે શિશુ ચાઈલ્ડ ડેવલપમેન્ટનાં ડો દિપીકા જૈન અને સિનિયર જીનેટિક કાઉન્સેલર ડો. લક્ષિતા ચૌહાણે જણાવ્યું હતું કે, વિશ્વભરમાં જન્મ લેતા દર ૩૬ બાળકોમાંથી ૧ બાળક ઓટીઝમથી પીડાતા હોય છે. આ આંકડો અત્યંત ભયજનક ગણવામાં આવ્યો છે. કારણકે વિશ્વભરમાં કેન્સરગ્રસ્ત, ડાયાબીટીસ અને HIV જેવા જીવલેણ રોગોથી પીડાતા બાળકોની ટકાવારી કરતાં ઓટીઝમથી પીડીતા બાળકોની સંખ્યા વધારે છે.વિશ્વભરમાં ઝડપથી વધી રહેલા ઓટીઝમનાં સમયસર નિદાન અને સારવારમાં અમદાવાદનાં ડોકટરોના રિસર્ચનો સિંહફાળો રહ્યો છે. વર્લ્ડ ઓટીઝમ અવેરનેસ ડે અંગે વિશેષ માહિતી આપતાં ઈન્સ્ટીટ્યુટ ઓફ હ્યુમન જીનેટીક્સના ડો. જયેશ શેઠ અને સ્પેશ્યાલિટી હોમિયોપેથી ડો. કેતન પટેલે જણાવ્યું હતું કે, જીનેટીક સાયન્સમાં ઓટીઝમ વિશેના રિસર્ચો તેની સારવારમાં અગત્યનો ભાગ ભજવે છે. આ રિસર્ચથી સારવારની પધ્ધતિમાં સરળતા આવતાં સમયસર સુધારો અને સચોટ સારવાર શક્ય બની છે.ઈન્સ્ટીટ્યુટ ઓફ હ્યુમન જીનેટીક્સના ડો. જયેશ શેઠ અને સ્પેશ્યાલિટી હોમિયોપેથી ડો. કેતન પટેલે જણાવ્યું હતું કે, ગુજરાતમાં ઓટીઝમની સારવાર અંગે જાગૃતતા લાવવી અતિ આવશ્યક છે.

# એપ્રિલમાં ગરમી ૪૨ ડિગ્રી પાર જશે, ૮ દિવસ હીટવેવની શક્યતા



રાજ્યમાં માર્ચ મહિનામાં સામાન્ય રીતે અડધા દિવસથી બે દિવસ હીટવેવ રહેતો હોય છે, પરંતુ આ વખતે કચ્છ અને સૌરાષ્ટ્રમાં ૬ દિવસ હીટવેવ રહ્યો. જે દેશના અન્ય વિસ્તારો કરતાં સૌથી વધુ છે. માર્ચમાં સામાન્ય રીતે ૨ મીમી વરસાદ થવાની શક્યતા હોય છે, પરંતુ રાજ્યના કોઈપણ વિસ્તારમાં વરસાદ પડ્યો નથી.ભારતીય હવામાન વિભાગે સોમવારે એપ્રિલથી જૂન સુધીના હવામાનનું અનુમાન જાહેર કર્યું, જેમાં જણાવાયું છે કે આગામી ત્રણ મહિનામાં રાજ્યમાં દિવસ અને રાતનું તાપમાન સામાન્ય કરતાં વધુ રહેશે, સાથે વરસાદ પણ સામાન્ય કરતાં વધુ પડી શકે છે, એટલે કે ગરમીના દરેક રાઉન્ડ સાથે વરસાદની શક્યતા રહેશે. એપ્રિલમાં સામાન્ય રીતે તાપમાન ૩૦.૩થી ૪૦.૪ ડિગ્રી રહે છે, પરંતુ આ વખતે એપ્રિલમાં તાપમાન ૧થી ૩ ડિગ્રી વધુ રહી શકે છે, એટલે કે પારો ૪૨ ડિગ્રી વટાવી શકે છે. કચ્છ, સૌરાષ્ટ્ર, ઉત્તર ગુજરાતના સરહદી જિલ્લાઓ અને દક્ષિણ ગુજરાતમાં ગરમી વધુ રહેશે.હવામાન વિભાગના અનુમાન મુજબ, એપ્રિલથી જૂન દરમિયાન સામાન્ય રીતે હીટવેવ અડધા દિવસથી ૬ દિવસ રહેતો હોય છે. એની સામે આગામી ત્રણ મહિનામાં ૧૦ દિવસ હીટવેવ ફૂંકાઈ શકે છે. એપ્રિલમાં સામાન્ય રીતે અડધા દિવસથી ૨ દિવસ હીટવેવ રહેતી હોય છે, પરંતુ ચાલુ મહિને ૮ દિવસ હીટવેવ રહેવાની શક્યતા છે. હીટવેવનો પ્રકોપ દક્ષિણ અને મધ્ય-પૂર્વ ગુજરાત ઉપરાંત ભાવનગર, અમરેલી, બોટાદ, ગીર સોમનાથ, સુરેન્દ્રનગર, મોરબી અને કચ્છમાં વધુ રહી શકે છે. બીજી તરફ, રાજ્યના મોટા ભાગના વિસ્તારોમાં એપ્રિલમાં પણ કમોસમી વરસાદની શક્યતા છે. આ શક્યતા ૩૩ ટકાથી ૫૫ ટકા સુધીની છે, જેમાં ઉત્તર, મધ્યપૂર્વ અને સૌરાષ્ટ્રના કેટલાક વિસ્તારોમાં વરસાદની શક્યતા વધુ છે.

# ઓનલાઈન કોર્સમાં પહેલીવાર ડેપ્યુટી રજિસ્ટ્રારની ૧૧ મહિનાના કોન્ટ્રાક્ટ પર ૨.૦૮ લાખ પગારમાં ભરતી થશે

ગુજરાત યુનિવર્સિટી દ્વારા તાજેતરમાં વિવિધ પોસ્ટ પર ભરતીની જાહેરાત કરવામાં આવી છે. આ ભરતીની જાહેરાતમાં ડેપ્યુટી રજિસ્ટ્રારની જાહેરાત પણ આપવામાં આવી છે. યુનિવર્સિટીમાં પ્રથમ વખત ડેપ્યુટી રજિસ્ટ્રારની કોન્ટ્રાકટ આધારિત ૧૧ મહિના માટે ભરતી કરવામાં આવશે, જેનો પગાર ૨,૦૮,૦૦૦ સુધીનો રહેશે. આ ભરતી ઓનલાઈન કોર્સ માટે કરવામાં આવશે.ગુજરાત યુનિવર્સિટી દ્વારા વિવિધ ૧૮ પોસ્ટ પર ૪૦થી વધુ ભરતી માટેની જાહેરાત કરવામાં આવી છે. UGCના નિયમ મુજબ ગુજરાત યુનિવર્સિટીમાં ઓનલાઈન કોર્સ શરૂ કરવામાં આવ્યા છે. આ ઓનલાઈન કોર્સ માટે ડેપ્યુટી રજીસ્ટરથી લઈને સ્ટાફ સુધીની અલગ અલગ ૧૮ પોસ્ટ પર ભરતીની જાહેરાત કરવામાં આવી છે.જેમાં ૧૪,૮૦૦ રૂપિયાથી ૨.૦૮ લાખ સુધીનો પગાર ધોરણ રાખવામાં આવ્યું છે. ઉમેદવારને લાયકાત મુજબ પસંદગી થયા બાદ ભરતી કરવામાં આવશે.ગુજરાત યુનિવર્સિટી દ્વારા જે ૧૮ પોસ્ટ પર ભરતીની જાહેરાત કરવામાં આવી છે, તેમાં એસોસિયેટ પ્રોફેસર,એસોસિયેટ પ્રોફેસર અને ડેપ્યુટી ડાયરેક્ટર,આસિસ્ટન્ટ પ્રોફેસર,આસિસ્ટન્ટ પ્રોફેસર અને આસિસ્ટન્ટ ડાયરેક્ટર, ડેપ્યુટી રજિસ્ટ્રાર,આસિસ્ટન્ટ રજિસ્ટ્રાર, સેક્શન ઓફિસર,આસિસ્ટન્ટ કોમ્પ્યુટર ઓપરેટર, મલ્ટી ટાસ્કિંગ સ્ટાફ, ટેક્નિકલ મેનેજર, ટેક્નિકલ એસોસિયેટ, ટેક્નિકલ આસિસ્ટન્ટ, ટેક્નિકલ મેનેજર એડમિશન, ટેક્નિકલ આસિસ્ટન્ટ એડમિનિસ્ટ્રેટર એમ ૧૮ કોર્સ માટે ૪૦થી વધુ ભરતીની જાહેરાત કરવામાં આવી છે.ડેપ્યુટી રજીસ્ટર અને આસિસ્ટન્ટ રજીસ્ટરની પ્રથમ વખત કોન્ટ્રાક્ટ પર ૧૧ મહિના માટે ભરતી કરવામાં આવશે.ગુજરાત યુનિવર્સિટીમાં હાલમાં ૩ ડેપ્યુટી રજિસ્ટ્રાર છે પરંતુ, નવી ભરતી ઓનલાઈન કોર્સ માટે કરવામાં આવશે.

# શ્રી દીઘલિયા પ્રાથમિક શાળા અને શ્રી બોકડથંભા પ્રાથમિક શાળા વચ્ચે ટ્વિનિંગ કાર્યક્રમ યોજાયો



મોરબી જિલ્લાના વાંકાનેર તાલુકાની શ્રી દીઘલિયા પ્રાથમિક શાળા અને શ્રી બોકડથંભા પ્રાથમિક શાળા વચ્ચે ટ્વિનિંગ કાર્યક્રમ યોજાયો હતો. ટ્વિનિંગ કાર્યક્રમ અંતર્ગત તા. ૨૨/૦૩/૨૦૨૫ ના રોજ શ્રી બોકડથંભા પ્રાથમિક શાળાના ધોરણ ૬ થી ૮ ના વિદ્યાર્થીઓ અને શિક્ષકોએ શ્રી દીઘલિયા પ્રાથમિક શાળાની મુલાકાત લીધી હતી અને તા. ૨૯/૦૩/૨૦૨૫ ના રોજ દીઘલિયા પ્રાથમિક શાળાના ધોરણ ૬ થી ૮ ના વિદ્યાર્થીઓ અને શિક્ષકોએ શ્રી બોકડથંભા પ્રાથમિક શાળાની મુલાકાત લીધી હતી. બંને શાળાઓના વિદ્યાર્થીઓ શિક્ષકોએ પરસ્પર મુલાકાત દરમિયાન પોતાના અનુભવો, વિચારો અને શ્રેષ્ઠ પ્રયાસોનું આદાનપ્રદાન કર્યું હતું. બંને શાળાઓના વિદ્યાર્થીઓ અને શિક્ષકોએ એકબીજાને ઉપયોગી માહિતીનું આદાનપ્રદાન કર્યું હતું. આ ઉપરાંત બન્ને શાળાના વિદ્યાર્થીઓ એકબીજા સાથે વિવિધ રમતો રમ્યા હતા. બન્ને શાળાના વિદ્યાર્થીઓએ બાળગીત, અભિનય ગીત, પ્રશ્નોત્તરી રજૂ કરી હતી. બંને શાળાઓએ શાળાકીય આયોજન, શાળા વ્યવસ્થાપન પ્રવૃત્તિ, શિક્ષણમાં ટેકનોલોજીના ઉપયોગ વિશે જાણકારી, વિવિધ સર્જનાત્મક બાબતો, શૈક્ષણિક અને સહઅભ્યાસિક પ્રવૃત્તિઓનું આદાન-પ્રદાન કર્યું હતું. ટ્વિનિંગ કાર્યક્રમ અંતર્ગત મુલાકાત દરમિયાન બંને શાળાઓમાં વિદ્યાર્થીઓને સ્વાદિષ્ટ ભોજન પણ આપવામાં આવ્યું હતું.

# "સૌગત-એ- મોદી" એ માત્ર મત બેન્ક નો કાર્યક્રમ નહી પરંતુ અખંડ ભારતની સંકલ્પના નો ઈતિહાસ બની રહેશે"

**અંક નંબર ૨૯૩**

**મિત્રો, હજારો વર્ષોથી હિન્દુ-મુસ્લિમ કરતાં લોકો માટે આવનારો સમય "અમે સૌ ભારતવાસીઓ" કહેવાનો આવી જશે એ તરફનો એક નમ્ર પ્રયાસ અને એની શરૂઆત એટલે મુસલમાનો પ્રત્યેની નરેન્દ્ર મોદી સરકાર અને ભારતીય જનતા પાર્ટીનો સરાહનીય પ્રયાસ!!!**

ગઈકાલે સમગ્ર ભારતમાં ઈદ નો કાર્યક્રમ બહુ સુંદર રીતે યોજવામાં આવ્યો આ વખતે પહેલીવાર એવું બન્યું છે કે ઈદ નિમિત્તે રાજકીય પાર્ટીઓ દ્વારા મુસલમાન મિત્રો સાથે ઈફ્તાર પાર્ટીઓ કરવામાં આવતી હતી અને સમાચાર જગત છવાઈ જતું હતું પરંતુ આ વખતે ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા "સોગાત-એ- મોદી"કાર્યક્રમ કરવામાં આવ્યો અને દુનિયા આખી વિચારે ચઢી ગઈ છે, વળી આજ વખતે ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી નાગપુરમાં પોતાની હાજરી આપી રહ્યા હતા. સમગ્ર મુસ્લિમ દેશોમાં એક એવા પ્રકારનો સંદેશો મોકલવાનો પ્રયત્ન થયો કે જે સંદેશો મુસલમાનોના મુખે જ મીડિયામાં મૂકાયો અને અન્ય દેશોમાં જીવતા મુસ્લિમ લોકોએ ભારતીય મુસલમાનોની પરિસ્થિતિ વિશે જે વાંચ્યું હતું અથવા સાંભળ્યું હતું એનાથી એક ઉલટી જ હકારાત્મક છાપ ઊભી થઈ, વિશ્વ ગુરુ બનવા તરફ ભારતની જે દોડ છે એ દોડનું કદાચ આ પ્રથમ સોપાન હોય એમ લાગે છે.

જે લોકો કહેતા હતા અને વિચાર કરતા હતા તેના થી બિલકુલ વિરુદ્ધ બાજુએ જઈને ભારતીય જનતા પાર્ટી એ છેલ્લા થોડાક વર્ષોથી અવનવા પ્રયોગો મુસ્લિમ ભાઈઓને સાથે રાખવા માટેના ચાલુ કર્યા છે જે ખરેખર સરાહનીય આયામ છે.સૌપ્રથમ તો ગુજરાતની મહાનગરપાલિકાઓની ચૂંટણીઓમાં મુસલમાન ઉમેદવારોને ટિકિટ આપીને ઘણા બધા લોકોને ભાજપ સાથે જોડ્યા છે. ત્યારબાદ સમગ્ર વિશ્વ લેવલે ભારતીય જનતા પાર્ટી ભારતીય મુસલમાનોથી દૂર નથી એવી વાત સાબિત કરવા માટે નરેન્દ્ર મોદીજી ના બીજા કાર્યકાળ દરમિયાન સૌ પ્રથમ વાર "સોગાત-એ- મોદી" કાર્યક્રમ કરીને એક વિશેષ સદ્ભાવનો પર્યાય ઉભો કરવાનો પ્રયત્ન થયો છે. ભારતીય જનતા પાર્ટીની વિશ્વના મુસ્લિમ કન્ટ્રીઓના દેશોએ ખૂબ મોટી સરાહના કરી છે .એક સંદેશો સમગ્ર વિશ્વ સામે મૂકવામાં આવ્યો કે જે "ભારતને વફાદાર છે તેમની સાથે નરેન્દ્ર મોદી સરકારને સેજ પણ વાંધો કે વચકો નથી, માત્ર દેશનું નુકસાન કરતા હોય તેવા, દેશદ્રોહી અને અસામાજિક તત્વો જે કોઈપણ ધર્મના હોય એમની સામે જ કડકાઈ કરવાની વાત છે નહીં કે મુસલમાનો સાથે.

આવા સુંદર કાર્યક્રમોથી ભાઈચારો વધશે અને મુસ્લિમ લોકો જ પોતાના સમાજના લોકોને આગળ આવીને કહેશે કે આપણે સોશિયલ મીડિયા અથવા મીડિયા જગતના નેગેટિવ વિચારોથી ઉપર ઉઠીને નરેન્દ્ર મોદી સરકારના વિચારો સાથે પોઝિટિવિટીથી જોડાવાની જરૂર છે, કારણ કે ભારત સરકાર અથવા ભાજપ સંચાલિત સરકારો દ્વારા તમામ યોજનાઓ મુસ્લિમ ગરીબ લોકોને પણ કોઈપણ પ્રકારના પક્ષપાત વિના આપવામાં આવે છે અને હવે ધીરે ધીરે લોક સમુદાયમાં અમુક ગણ્યાગાંઠ્યા નિવેદનોને બાદ કરતાં નરેન્દ્ર મોદી સરકાર તરફ ભાવના વધે તેવા સતત પ્રયત્નો થઈ રહ્યા છે, જેની નોંધ ભારતના પડોશી દેશો એવા પાકિસ્તાન અને બાંગ્લાદેશે પણ લીધી છે, બાંગલાદેશે તો ગઈકાલે જ ભારત પાસે હજારો ટન ચોખાની પણ માંગણી કરી છે. ભલે નિવેદનો ગમે તે આપે મુસ્લિમ કન્ટ્રી ના નેતાઓ, પરંતુ એમને પણ ખબર છે કે ભારતનો વ્યુહાત્મક દ્રષ્ટિકોણ કોને અસર કરશે? અને કોને લાભ થશે ?આ અનુસંધાને ભારતના "સોગાત -એ-મોદી" કાર્યક્રમો એ પાકિસ્તાનીઓને પણ ચોકાવી દીધા છે.

ભારતમાં ઈદનો જાહોજલાલી જોઈને પાકિસ્તાનના લોકો આશ્ચર્યચકિત થઈ ગયા છે. પ્રખ્યાત પાકિસ્તાની યુટ્યુબર શોએબ ચૌધરી અને તેમના મિત્ર આબિદ અલી દ્વારા ભારતમાં મુસ્લિમોની સ્થિતિ અંગે આપવામાં આવેલું નિવેદન હવે સોશિયલ મીડિયા પર વાયરલ થયું છે.

વડા પ્રધાન નરેન્દ્ર મોદીના મોટા ચાહક હોવાનો દાવો કરતા આબિદ અલીએ ભારતની ઈદની તૈયારીઓને પાકિસ્તાની બજારની તુલનામાં સંપૂર્ણપણે અલગ અને આકર્ષક ગણાવી. દિલ્હીમાં ઈદની ખરીદી દરમિયાન બજારોમાં ભીડ અને સજાવટ જોઈને તેમણે કહ્યું કે પાકિસ્તાનમાં આવું દશ્ય જોવા મળતું નથી. એટલું જ નહીં, ભારત સરકારની 'સૌગત-એ-મોદી' કીટ વિશે પણ ચર્ચા કરી, જેમાં ઈદના અવસર પર મુસ્લિમ સમુદાયના લોકોને ભેટો આપવામાં આવી હતી. આ કીટમાં ખોરાક, સેવણી, કપડાં વગેરે જેવી વસ્તુઓનો સમાવેશ થતો હતો અને આ ભેટ લાખો મુસ્લિમ પરિવારોને આપવામાં આવી હતી.

પાકિસ્તાનમાં અને મુસ્લિમ સમાજમાં પ્રચલિત એવી ધારણાને નકારી કાઢી કે ભારતમાં મુસ્લિમો સાથે ભેદભાવ કરવામાં આવે છે. તેમણે કહ્યું, "ભારતમાં મુસ્લિમો સાથે સારો વ્યવહાર કરવામાં આવે છે, અને ત્યાંના લોકો ખૂબ જ ઉત્સાહથી તહેવારો ઉજવે છે, જેમ મેં જાતે જોયું."

પાકિસ્તાની સમુદાય હવે ભારતમાં મુસ્લિમ સમુદાય માટે સરકાર દ્વારા લેવામાં આવેલા પગલાં વિશે સકારાત્મક વિચાર કરી રહ્યો છે અને તે સ્પષ્ટ સંદેશ આપી રહ્યો છે કે તમામ ધર્મના લોકો ભારતમાં સમાન રીતે તેમના તહેવારો ઉજવી શકે છે.

'સૌગત-એ-મોદી' કાર્યક્રમે પાકિસ્તાનમાં ભારતીય મુસ્લિમોની પરિસ્થિતિ અંગેએક નવો દ્રષ્ટિકોણ ઉભો કર્યો છે, જેના કારણે ત્યાંના લોકો હવે ભારત દ્વારા મુસ્લિમ સમુદાય માટે લેવામાં આવેલા પગલાંની પ્રશંસા કરી રહ્યા છે.આવનારો સમય વિશ્વ ગુરુ ભારત ના અને અખંડ ભારતના સ્વપ્નો તરફ અવશ્ય હશે જ.... રામે.. રામ

મેનેજિંગ તંત્રી

શ્રી બી.એસ પટેલ
અખંડ ભારત દૈનિક ન્યુઝ
ગાંધીનગર.ગુજરાત.

## હેપ્પી યુથ ક્લબના હેપ્પી સ્પેરો વીક-૨૦૨૫નું ભવ્ય સમાપન કરાયું

# ધારાસભ્ય રીટાબેન પટેલના હસ્તે પ્રકૃતપ્રેમીઓને સન્માનિત કરાયા : હેપ્પી સ્પેરો વીક દરમ્યાન ગાંધીનગરમાં વિવિધ સ્થળે હેપ્પી ચકલી ઘર અને પાણીના કુંડાનું નિઃશુલ્ક વિતરણ કરાયું








ગાંધીનગરમાં પણ સતત દસમા વર્ષે હેપ્પી યુથ ક્લબ દ્વારા માર્ચ માસમાં આવતા વિશ્વ ચકલી દિવસને અનુલક્ષીને "હેપ્પી સ્પેરો વીક-૨૦૨૫" ઉજવાઈ રહ્યું છે. હેપ્પી સ્પેરો વીકનો પ્રારંભ તા. ૧૯મી માર્ચથી થયો હતો જેનું સમાપન તા.૩૧મી માર્ચ, સોમવારના રોજ યોજાયું હતું. હેપ્પી સ્પેરો વીક દરમ્યાન ગાંધીનગરના વિવિધ વિસ્તારમાં હેપ્પી ચકલી ઘર અને પક્ષી પરબ માટે પાણીના કુંડાનું નિઃશુલ્ક વિતરણ કરવામાં આવ્યું હતું. હેપ્પી સ્પેરો વીક-૨૦૨૫નો સમાપન કાર્યક્રમ સે. ૨૩માં નિસર્ગ સાયન્સ સેન્ટર ખાતે યોજવમાં આવ્યો હતો જેમાં મુખ્ય મહેમાન પદે ગાંધીનગર ઉત્તર વિધાનસભા બેઠકના ધારાસભ્ય રીટાબેન પટેલ અને અતિથિ વિશેષ પદે વનવિભાગની બોરીજ વાઈલ્ડ લાઈફ રેન્જના રેન્જ ફોરેસ્ટ ઓફિસર ભાવેશકુમાર ભટ્ટ, કટાર લેખક અને નિવૃત માહિતી અધિકારી પુલકભાઈ ત્રિવેદી, નિસર્ગ સાયન્સ સેન્ટરના મેનેજીંગ ટ્રસ્ટી ડો. અનિલભાઈ પટેલ ઉપસ્થિત રહ્યાં હતા.

આ પ્રસંગે ધારાસભ્ય રીટાબેન પટેલે હેપ્પી યુથ ક્લબના પ્રયાસોને બિરદાવતા જણાવ્યું કે "ગાંધીનગરમાં આપણે વધુને વધુ વૃક્ષો વાવીએ અને તેનું જતન કરીએ". આરએફઓ ભાવેશભાઈ ભટ્ટે કહ્યું કે "અમને આવી સંસ્થાઓનો ખુબ સપોર્ટ મળે છે બાકી સરકારી તંત્ર એકલું બધે ના પહોંચી શકે". પુલકભાઈએ કહ્યું હતું કે "જે પ્રકૃતિ માટે જીવે છે, એજ સાચું જીવન જીવે છે." આ ઉપરાંત સાહિત્યકાર અને આત્મન ફાઉન્ડેશનના પ્રણેતા પ્રજ્ઞાબેન પટેલ, ગાંધીનગર સાહિત્ય સભાના પુર્વ અધ્યક્ષ અને કટારલેખક સંજય થોરાત, જાણીતા સામાજિક અગ્રણી આશાબેન સરવૈયા, સ્નેક રેસ્ક્યુઅર પ્રદીપસિંહ સોલંકી, સરકારી વિજ્ઞાન કોલેજની ઈકો ક્લબના કોઓર્ડીનેટર પ્રજ્ઞાબેન પ્રજાપતિ, ગાંધીનગર ચમકાવવું છે - જીસીસી ગ્રુપના પ્રણેતા મેહુલ તુવાર, સદગમય ગૃપના જીગ્નેશભાઈ પટેલ, એમ.કે. ફાઉન્ડેશનના પ્રણેતા મહેન્દ્રભાઈ ચૌહાણ, હેપ્પી યુથ ક્લબના પ્રમુખ સમીર રામી સહીત વિવિધ પ્રકૃતિ પ્રેમી સંસ્થાઓના અગ્રણીઓ અને હેપ્પી યુથ ક્લબના સભ્યો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતા.

હેપ્પી સ્પેરો વીકના સમાપને બે વ્યક્તિઓને "ચકલી મિત્ર"ના ઉપનામથી સન્માનવામાં આવ્યાં હતા જેમાં કલ્પેશ જોષી અને કિરીટભાઈ વાઘેલાનો સમાવેશ થાય છે. આ પ્રસંગે હેપ્પી સ્પેરો વીકના સ્પોન્સર્સ રાજવી ફૂડ કોર્નરના ગજેન્દ્રસિંહ બારડ તેમજ શિવમ ગ્રુપના બિલ્ડર નીરવભાઈ ચૌધરી અને મેહુલભાઈ પટેલનું સન્માન કરાયું હતું. સ્પેરો વિકમાં જોડાયેલા સરકારી સાયન્સ કોલેજની ઈકો ક્લબના વિદ્યાર્થીઓને પ્રમાણપત્રો એનાયત કરાયા હતા. હેપ્પી સ્પેરો વીક દરમ્યાન શહેરમાં અનેક સ્થળે પક્ષી પરબોનું સ્થાપન કરવામાં આવ્યું હતું અને બાળકોને ચકલી ઘર બનાવતા શીખવાડવામાં આવ્યું હતું. હેપ્પી યુથ ક્લબના ઉપપ્રમુખ ભાવના સમીર રામીએ હેપ્પી સ્પેરો વીકમાં મદદરૂપ થનાર તમામનો આભાર વ્યક્ત કરતા જણાવ્યું હતું કે "હેપ્પી સ્પેરો વીકની સમગ્ર ઉજવણીનો હેતુ આપણી આસપાસમાં રહેતા અને માનવજાતને ઉપયોગી બનતા ચકલી અને તેના જેના નાના-માધ્યમ કદના અબોલ પંખીઓના જતન થકી પ્રકૃતિનું સંતુલન જળવાય તે માટેનો છે. આ માટે આ વર્ષે હેપ્પી યુથ ક્લબ દ્વારા ૧૦ હજાર હેપ્પી ચકલી ઘર તૈયાર કરવામાં આવ્યાં હતા."

# ઝારખંડમાં બે માલગાડીઓ સામસામે અથડાઈ, ૨ના મોત



ઝારખંડના સાહિબગંજમાં બે માલગાડીઓ સામસામે ટકરાઈ છે. આ અકસ્માત ગઈ રાત્રે ૩ વાગ્યે થયો હતો. આ અકસ્માતમાં બે લોકો પાઈલટના મોત થયા છે. તેમજ, સુરક્ષામાં રોકાયેલા ચાર CISF જવાનો ઘાયલ થયા છે.કહેવામાં આવી રહ્યું છે કે એક માલગાડી પાટા પર ઉભી હતી. આ દરમિયાન, બીજી માલગાડી એ જ ટ્રેક પર આવી ગઈ. આ કારણે, બંને ટ્રેનો સામસામે અથડાઈ ગઈ.અકસ્માતમાં મૃત્યુ પામેલા બે લોકો પાઈલટમાંથી અંબુજ મહતો બોકારોના રહેવાસી હતા. જ્યારે બીએસ મોલ બંગાળના રહેવાસી હતા. ઘાયલોની સારવાર બરહાટ સદર હોસ્પિટલમાં ચાલી રહી છે.ઘટનાની માહિતી મળતા જ ફાયર બ્રિગેડની ગાડીઓ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી અને આગ પર કાબુ મેળવવાનો પ્રયાસ શરૂ કર્યો હતો. રાહત અને બચાવ કાર્ય ચાલી રહ્યું છે.આ ટ્રેન અકસ્માતની ઘટના સાહિબગંજ જિલ્લામાં બરહેત એમજીઆર લાઈન પર બની હતી. ટ્રેન ઝારખંડના ગોડ્ડા જિલ્લાના લાલમટિયાથી પશ્ચિમ બંગાળના ફરક્કા એનટીપીસી જઈ રહી હતી. જે લાઈન પર અકસ્માત થયો હતો, ત્યાં લાલમતિયાથી ફરક્કા સુધી કોલસો લઈને માલગાડીઓ દોડે છે.

# મેં સાંભળ્યું છે કે ભારત હવે ટેરિફ ઘટાડશે, પહેલા કેમ ન કર્યું?: ટ્રમ્પ


અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે બીજી એપ્રિલથી ભારત, ચીન, મેક્સિકો સહિત તમામ દેશો પર રેસિપ્રોકલ ટેક્સ લગાવવાની જાહેરાત કરી છે. ટ્રમ્પે કહ્યું કે, ટેક્સની અસમાનતા ખતમ કરવામાં આવશે. જો કોઈ દેશ અમેરિકાના ઉત્પાદનો પર વધુ ટેક્સ ઝીંકશે તો અમે પણ તેટલો જ ટેક્સ તેમના પર ઝીકશું. જોકે હવે ટ્રમ્પે આજે (૧ એપ્રિલ) મહત્ત્વનું નિવેદન આપ્યું છે. તેમણે કહ્યું કે, મેં સાંભળ્યું છે કે, ભારત અમેરિકી ઉત્પાદનો પર ટેરિફ ઘટાડવાનું છે. ટ્રમ્પે કહ્યું કે, 'મેં થોડા સમય પહેલા જ સાંભળ્યું હતું કે, ભારતે પોતાના ટેરિફમાં મોટો કાપ કરવાની તૈયારી કરી છે. મેં પૂછ્યું હતું કે, તમે આવું પહેલા કેમ ન કર્યું? ટેરિફ વધારવાના નિર્ણયથી અનેક દેશોની પોલિસીમાં સુધારો થશે.

# રાજકારણ મારી ફૂલ ટાઈમ જોબ નથી, મોદી પછી PM બનવા મુદ્દે યોગીનો જવાબ



ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે વડાપ્રધાન પદની રેસમાં હોવાના અહેવાલો અને તેમની રાજકીય મહત્વાકાંક્ષાઓ પર પ્રતિક્રિયા આપી છે. છેલ્લા બે દિવસથી પીએમ મોદીની નિવૃત્તિ અંગે ચર્ચા ચાલી રહી હતી. તેમાં તેમના સ્થાને યોગી આદિત્યનાથને કમાન સોંપવાની અટકળો પણ વહેતી થઈ હતી. જેના પર સ્પષ્ટતા કરતાં યોગી આદિત્યનાથે કહ્યું કે 'રાજનીતિ એ મારી ફુલ ટાઈમ જોબ નથી.'યોગી આદિત્યનાથે ન્યૂઝ એજન્સી સાથે તેમની રાજકીય કારકિર્દી, ભાજપમાં ઉત્તરાધિકારી અને ઉત્તર પ્રદેશની સ્થિતિ અને દિશા વિશે લાંબી ચર્ચા કરી હતી. આ વાતચીત દરમિયાન તેમને પૂછવામાં આવેલો એક પ્રશ્ન ખૂબ જ રસપ્રદ છે. યોગી આદિત્યનાથને પૂછવામાં આવ્યું હતું કે, આરએસએસ તમને પસંદ કરે છે, મોદીજી તમને પસંદ કરે છે, આ દેશનો એક મોટો વર્ગ તમને મોદી બાદ વડા પ્રધાન તરીકે જોવા માંગે છે.

# ભારતમાં મ્યાનમાર જેવા ભૂકંપનું જોખમ, આઈઆઈટી કાનપુરના વિજ્ઞાનીએ આપી ચેતવણી



મ્યાનમાર અને બેંગકોકમાં ભૂકંપના કારણે તબાહીનો માહોલ સર્જાયો હતો. આ ભૂકંપનું કારણ સગાઈંગ ફોલ્ટ હતું. ફોલ્ટને ઈન્ટરનેટ પર મેપના માધ્યમથી સરળતાથી જોઈ શકાય છે. આઈઆઈટી કાનપુરના અર્થ સાયન્સિસ ડિપાર્ટમેન્ટના પ્રોફેસર જાવેદ મલિકે સગાઈંગ ફોલ્ટને અત્યંત જોખમી ગણાવતાં ભારતમાં પણ આ પ્રકારનો ભૂકંપ આવવાની આગાહી કરી છે.જાવેદ મલિકે જણાવ્યું કે, સિલિગુડીમાં ગંગા-બંગાળ ફોલ્ટ છે. આ બંને ફોલ્ટની વચ્ચે અન્ય ઘણી ફોલ્ટલાઈન છે. જેમાં એક ફોલ્ટ સક્રિય થવા પર બીજી ફોલ્ટ તુરંત સક્રિય થઈ શકે છે. સગાઈંગ અત્યંત જૂની ફોલ્ટ છે. તે ઉત્તર-પૂર્વના શિયર ઝોન અરાકાનથી અંદમાન અને સુમાત્રા સુધીના સબડક્શન ઝોનનો હિસ્સો છે. જે જમીનની ઉપર દેખાય છે.

જાપાન અને યુરોપિયન નિષ્ણાતોએ સગાઈંગ પર કામ કર્યું છે. અભ્યાસમાં જાણવા મળ્યું છે કે, અહીં ભૂકંપોની આવૃત્તિ ૧૫૦-૨૦૦ વર્ષની છે. અર્થાત આટલા વર્ષોમાં એક વાર મોટો ભૂકંપ આવે છે. ચીનમાં ભૂકંપની તીવ્રતા ૭.૯ દર્શાવવામાં આવી છે. પ્રો. મલિકે જણાવ્યું કે, આપણે મોટો ભૂકંપ સર્જાવવાની રાહ જોવી જોઈએ નહીં. હિમાલયમાં અનેક સક્રિય ફોલ્ટ લાઈન છે. તમામ ફ્રન્ટલ પાર્ટ્સ પર પણ ફોલ્ટ લાઈન છે. જે ભયાવહ ભૂકંપની શક્યતાઓ વધારે છે. આ સિવાય ઉત્તર-પૂર્વ અને કાશ્મીર ઝોન-૫માં પણ આ મુદ્દે રિસર્ચ કરવાની જરૂરિયાત છે. આપણે આ ક્ષેત્રમાં અત્યંત સાવધાનીપૂર્વક કામ કરવુ જોઈએ. ભૂકંપના પ્રભાવને ઘટાડવા માટે કામ કરવુ જોઈએ.

# વ્યક્તિગત દેવામાં વધારો થતાં ક્રેડિટ કાર્ડસ મારફતના ખર્ચ પર અસર

વર્તમાન વર્ષના ફેબ્રુઆરીમાં ક્રેડિટ કાર્ડસ મારફતનો ખર્ચ ઘટી રૂપિયા ૧.૬૭ ટ્રિલિયન સાથે સાત મહિનાની નીચી સપાટીએ રહ્યો છે. અનસિક્યોર્ડ લોન્સ પર તાણ અને ઘરેલુ દેવામાં વધારા વચ્ચે ક્રેડિટ કાર્ડસના વપરાશમાં ઘટાડો જોવા મળ્યો છે. જાન્યુઆરીમાં ક્રેડિટ કાર્ડસ મારફતનો ખર્ચ રૂપિયા ૧.૮૪ ટ્રિલિયન રહ્યો હતો.ગયા વર્ષના ફેબ્રુઆરીમાં ક્રેડિટ કાર્ડસ મારફતના ખર્ચનો આંક રૂપિયા ૧.૪૯ ટ્રિલિયન રહ્યો હતો. ફેબ્રુઆરીમાં ક્રેડિટ કાર્ડસ મારફત ઈ-કોમર્સ પેમેન્ટસનો આંક રૂપિયા ૧.૦૫ ટ્રિલિયન રહ્યો હતો જે જાન્યુઆરીમાં રૂપિયા ૧.૧૫ ટ્રિલિયન જોવા મળ્યો હતો. આ ઉપરાંત પોઈન્ટ ઓફ સેલ ખાતે પણ ફેબ્રુઆરીમાં રૂપિયા ૬૨૧૨૪.૯૧ કરોડ ખર્ચાયા હતા જે જાન્યુઆરીમાં રૂપિયા ૬૯૪૨૯.૪૦ કરોડ રહ્યા હતા એમ રિઝર્વ બેન્કના ડેટા જણાવે છે.ખર્ચમાં ઘટાડા ઉપરાંત નવા કાર્ડસ જારી કરવાની માત્રામાં પણ ઘટાડો જોવા મળ્યો છે. દેવાબોજમાં વધારાને કારણે ઉપભોગતા દ્વારા ખર્ચની પદ્ધતિમાં પણ બદલાવ આવી રહ્યો છે. ફેબ્રુઆરીના અંતે દેશમાં ક્રેડિટ કાર્ડસની કુલ સંખ્યા ૧૦.૯૩ કરોડ રહી હતી. જાન્યુઆરીમાં ૮.૧૦ લાખની સરખામણીએ ફેબ્રુઆરીમાં ૪.૪૦ લાખ નવા ક્રેડિટ કાર્ડસનો ઉમેરો થયો હોવાનું પણ રિઝર્વ બેન્કના ડેટા જણાવે છે.

# બોમ્બે મેટલ પ્રાથમિક શાળામાં તિથિ ભોજનઃ બાળમંદિરથી ધોરણ ૮ સુધીના વિદ્યાર્થીઓને સ્વાદિષ્ટ ભોજન કરાવાયું



પાટણ શહેરના અગ્રણી ફટાકડા અને મંડપના વેપારી તથા શાળાના ભૂતપૂર્વ વિદ્યાર્થી પટણી આરતી સુનિલભાઈ અને સુનિલભાઈ મંગળભાઈ દ્વારા નવા નાણાકીય વર્ષના પ્રથમ દિવસે બોમ્બે મેટલ પ્રાથમિક શાળામાં તિથિ ભોજનનું આયોજન કરવામાં આવ્યું હતું.શાળાના બાળમંદિરથી ધોરણ ૮ સુધીના તમામ વિદ્યાર્થીઓને બુંદી, દાળ-ભાત, પૂરી, શાક અને પાપડનું ભોજન કરાવવામાં આવ્યું હતું. દાતા પરિવાર હાજર રહીને બાળકોને ભરપેટ જમાડયા હતા. તેમણે બાળકોના ઉજ્જવળ ભવિષ્ય માટે આશીર્વાદ આપ્યા અને ભવિષ્યમાં મદદની જરૂર પડે તો સહાય કરવાની ખાતરી આપી હતી.શાળાની પરંપરા મુજબ, ભોજન પહેલાં તમામ વિદ્યાર્થીઓએ ' પ્રાર્થના કરી હતી અને અંતે માતા અન્નપૂર્ણાનો આભાર વ્યક્ત કર્યો હતો. બાળકોએ ઉત્સાહપૂર્વક અને શાંતિથી સ્વાદિષ્ટ ભોજનનો આનંદ માણ્યો હતો.આ પ્રસંગે શાળા પરિવાર દ્વારા તિથિ ભોજનના દાતાશ્રીનું આભારપત્ર અને સાલ આપીને સન્માન કરવામાં આવ્યું હતું.

# પાટણની મહિલા પ્રાધ્યાપકે મેળવી પીએચડીની પદવી




હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણ દ્વારા ડૉ. રોશનીબેન દશરથભાઈ પ્રજાપતિને પીએચડીની પદવી એનાયત કરવામાં આવી છે. તેમણે વાલ્મીકિ રામાયણ આધારિત પ્રાચીન નાટકોમાં સીતાચરિત્ર વિષય પર સમીક્ષાત્મક અને તુલનાત્મક અધ્યયન કર્યું છે.શ્રીમતી આર.એમ.પ્રજાપતિ આર્ટ્સ કોલેજ સતલાસણાના સંસ્કૃત વિભાગના એસોસિયેટ પ્રોફેસર ભગવાનભાઈ કે. પ્રજાપતિના માર્ગદર્શનમાં આ સંશોધન પૂર્ણ થયું છે. કાર્યક્રમમાં સંસ્કૃત વિભાગના ડૉ. હેતલબેન પંડયા તજજ્ઞ તરીકે ઉપસ્થિત રહ્યા હતા.ડૉ. રોશનીબેને જણાવ્યું કે તેમના પિતાના વાંચન શોખ અને માતાની સમજણે તેમને કર્તવ્યનિષ્ઠ બનાવ્યા છે. તેમના જીવનમાં પાંડુરંગ શાસ્ત્રીજીના સ્વાધ્યાય થકી ભગવદ્ગીતા અને શંકરાચાર્યના સ્તોત્રોનો પ્રભાવ રહ્યો છે.આ સિદ્ધિ માટે તેમને માતા કુસુમબેન, પિતા દશરથભાઈ, પુત્રી જાનવી અને પતિ હિતેશકુમારનો સહયોગ મળ્યો છે. પ્રજાપતિ સમાજ, પાટણ કોલેજ અને ભીલડી ગામના અગ્રણીઓએ તેમને શુભેચ્છાઓ પાઠવી છે. આ સિદ્ધિથી પાટણ સહિત ઉત્તર ગુજરાતના છોત્તેર ગોળ, ગુર્જર પ્રજાપતિ સમાજનું ગૌરવ વધ્યું છે.

# ગાંધીનગરમાં વ્યાયામ શિક્ષકોનો હલ્લાબોલ:પોલીસ સાથે ઘર્ષણમાં બે શિક્ષકને ઈજા, હોસ્પિટલમાં ખસેડાયા; અન્યને ખેંચી ખેંચીને વાનમાં બેસાડયા; આરોગ્યકર્મીઓનો ગુલાબ આપી વિરોધ








ગુજરાત રાજ્યના વ્યાયામ શિક્ષકોએ સરકારની ખેલ સહાયક યોજનાનો વિરોધ કરવા ગાંધીનગરની સત્યાગ્રહ છાવણી ખાતે આંદોલન શરૂ કર્યું છે. છેલ્લાં પંદર વર્ષથી વ્યાયામ શિક્ષકોની ભરતી ન થવાના મુદ્દે શિક્ષકોએ ગઈકાલની જેમ આજે પણ યોગ અને અંગ કસરત કરીને અનોખી રીતે વિરોધ નોંધાવ્યો છે. જોકે, પોલીસ સાથે ઘર્ષણ થતાં બે શિક્ષકોને ઈજા પહોંચી હતી. જેથી ૧૦૮માં હોસ્પિટલ ખસેડાયા છે અને અન્ય શિક્ષકોને ખેંચી ખેંચીને વાનમાં બેસાડયા છે.

આજે આરોગ્ય કર્મચારીઓએ પડતર માગને લઈને અનોખી રીતે વિરોધ નોંધાવ્યો હતો. આંદોલન અર્થે આવતા કર્મચારીઓની પોલીસ દ્વારા અટકાયત કરી લેવામાં આવે છે. જેનાં પગલે આજે આરોગ્ય કર્મચારીઓએ પોલીસને જ ગુલાબના ફૂલ આપીને અનોખી રીતે વિરોધ નોંધાવ્યો હતો. આ અંગે મહા સંઘના પ્રમુખ રણજીત સિંહ મોરીએ કહ્યું કે,હરિયાણા, મહારાષ્ટ્ર બાદ પંજાબ આરોગ્ય યુનિયને ગુજરાત આરોગ્ય કર્મચારીના આંદોલનને સમર્થન આપ્યું છે. આજે અચોક્કસ મુદતની હડતાળનો ૧૬મો દિવસ છે.તેમણે ૩૩ જિલ્લાની એકતા યથાવત હોવાનો દાવો કરી વધુમાં ઉમેર્યું કે, જરૂર પડશે તો પંજાબ, હરિયાણા અને મહારાષ્ટ્રના આરોગ્ય કર્મચારીઓ ગાંધીનગર આવી શકે તેવી શક્યતાઓ છે.જ્યાં સુધી સરકાર ઠરાવ નહીં કરે ત્યાં સુધી હડતાળ યથાવત રહેશે.સરકાર અમારી સાથે બેઠક કરી નિર્ણય લે. ૧૫૦૦૦ કર્મચારીઓ સામે પગલાં લેવા જઈ રહી છે સરકાર જો કે એસમા કાનૂન હેઠળ પણ અમે આંદોલન યથાવત રાખીશું.સરકાર યોગ્ય ઉકેલ લાવે.અમે સરકાર થી થાકવાંના નથી.ગુજરાત રાજ્યમાં છેલ્લા ૧૫ વર્ષથી કાયમી વ્યાયામ શિક્ષકની ભરતી થઈ નથી. જેને લઈને વ્યાયામ શિક્ષકો છેલ્લા ઘણા સમયથી સરકારમાં રજૂઆત કરી રહ્યા હોવા છતાં તેમની પડતર માંગણીઓ સંદર્ભે કોઈ નિરાકરણ આવ્યું નથી. જેનાં પગલે પંદર દિવસથી વ્યાયામ શિક્ષકોએ આંદોલન નો માર્ગ અપનાવી ગાંધીનગરમાં ધામા નાખ્યા છે. અત્યાર સુધીમાં વ્યાયામ શિક્ષકોએ ધરણા પ્રદર્શન કરી અંગ કસરતના દાવ, સૂર્ય નમસ્કાર, યોગ કરીને કાયમી ભરતીની માગ સાથે વિરોધ નોંધાવ્યો હતો. તોય સરકારના પેટનું પાણી નહીં હલતાં આજે વધુ એક વખત વ્યાયામ શિક્ષકોએ સચિવાલય બહાર દેખાવો યોજ્યા હતા. જેઓની પોલીસે અટકાયત કરી લીધી છે.

શિક્ષકોની મુખ્ય માગણી કાયમી ભરતી અંગેની છે. સરકારે ખેલ સહાયક યોજના અમલમાં મૂકી છે, પરંતુ શિક્ષકો આ યોજનાથી નારાજ છે. ૧૧ માસના કરાર આધારિત આ યોજનામાં અનેક સમસ્યાઓ છે. રજાના નિયમો અસ્પષ્ટ છે. વેકેશનની ગણતરી અંગે કોઈ સ્પષ્ટતા નથી. શિક્ષકોને કોઈ લેખિત જાણ કર્યા વગર છ?ટા કરી દેવામાં આવે છે. વધુમાં, પગાર ચુકવણીમાં પણ અનિયમિતતા જોવા મળે છે. કેટલાક જિલ્લાઓમાં પૂરો પગાર મળે છે, જ્યારે કેટલાક જિલ્લાઓમાં પગાર જ ચૂકવવામાં આવતો નથી. માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ માટે છૂટા કરવાનો સત્તાવાર પરિપત્ર બહાર પાડવામાં આવ્યો છે, પરંતુ પ્રાથમિક વિભાગ માટે કોઈ પરિપત્ર જારી કરવામાં આવ્યો નથી.ગુજરાત પંચાયત સેવાના આરોગ્ય કર્મચારીઓની અચોક્કસ મુદતની હડતાળ આજે પણ ચાલુ રહી છે. જોકે, કેટલાક જિલ્લાના કર્મચારીઓએ આંદોલનમાંથી ખસી જવાનો નિર્ણય લીધો છે. આજે સત્યાગ્રહ છાવણી ખાતે પ્રદર્શનકારીઓને બેસવાની મંજૂરી આપવામાં આવી ન હતી. વિરોધ પ્રદર્શન માટે આવેલા આરોગ્ય કર્મચારીઓની પોલીસે અટકાયત કરી હતી. આ હડતાળ દરમિયાન અત્યાર સુધીમાં ૨૨૦૦થી વધુ કર્મચારીઓને નોકરીમાંથી છૂટા કરાયા છે.

આરોગ્ય કર્મચારીઓએ ૧૭ માર્ચથી અચોક્કસ મુદતની હડતાળ શરૂ કરી છે. તેમની મુખ્ય માગણીઓમાં ટેક્નિકલ કૌશલ્ય આધારિત પગારધોરણ લાગુ કરવું અને ખાતાકીય પરીક્ષા રદ કરવાનો સમાવેશ થાય છે. સરકારે એસ્મા લાગુ કર્યો હોવા છતાં આરોગ્ય કર્મચારીઓ અડગ રહ્યા છે. સરકારે હડતાળ સમેટ્યા બાદ જ વાતચીત કરવાનું વલણ અપનાવ્યું છે. કર્મચારીઓએ આ શરત નકારી કાઢી છે. સરકારના આકરા વલણને કારણે કેટલાક જિલ્લાના કર્મચારીઓએ આંદોલનથી અળગા રહેવાનું પસંદ કર્યું છે. આમ આંદોલનમાં ભાગલા પડયા છે.

## રણાસણ સર્કલ પાસે ટ્રેનની અડફેટે યુવકનું મોત

# અસારવાથી ઉદેપુર તરફ જતી એક્સપ્રેસ ટ્રેનની અડફેટે આવતા નિકોલના યુવકનું મોત

ગાંધીનગરના રણાસણ રીંગરોડ સર્કલ નજીક અસારવાથી ઉદેપુર તરફ જતી એક્સપ્રેસ ટ્રેનની અડફેટે આવતા નિકોલના રહેવાસી મણીલાલ હીરાલાલ કલાલ (૪૦)નું મોત નિપજ્યું છે. રણાસણ રેલવે ફાટકથી ૧૦૦ મીટર દૂર રણાસણ ગામ તરફના ટ્રેક પર આ દુર્ઘટના બની હતી. અકસ્માત બાદ તરત જ ટ્રેનને ઉભી રાખવામાં




આવી હતી. ઘટનાની જાણ થતાં જ ડભોડા પોલીસની ટીમ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી.

મૃતક વિરાટનગર રોડ, નિકોલનો રહેવાસી હતો. પોલીસે મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે હોસ્પિટલ મોકલી આપ્યો છે. યુવક રેલવે ટ્રેક સુધી કેવી રીતે પહોંચ્યો તે અંગે પોલીસ તપાસ કરી રહી છે. રણાસણ સર્કલ વિસ્તાર સામાન્ય રીતે ભારે ટ્રાફિકથી ધમધમતો રહે છે.

## ગાંધીનગરમાં ગરમીનો પારો ૪૨ ડિગ્રી સુધી પહોંચશે: વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની અસરથી આગામી ૫ દિવસ કમોસમી વરસાદની શક્યતા

ગાંધીનગરમાં આજે બપોર સુધીમાં તાપમાનનો પારો ૪૨ ડિગ્રી સુધી પહોંચવાની શક્યતા છે. આજે સવારે શહેરમાં ૨૯ ડિગ્રી તાપમાન નોંધાયું છે. હવામાન વિભાગની આગાહી મુજબ, ટ્રફ અને સાયક્લોનિક સર્ક્યુલેશનના કારણે રાજ્યમાં આગામી ૫ દિવસ છૂટાછવાયા કમોસમી વરસાદી ઝાપટા પડશે.વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની અસરને કારણે ગાંધીનગરમાં બેવડી ઋતુનો અનુભવ થઈ રહ્યો છે. સવારે અને સાંજે ઠંડક અનુભવાય છે, જ્યારે બપોરે આકરી ગરમી પડે છે. ગઈકાલે સોમવારે બપોર સુધીમાં ગરમીનો



પારો ૪૦ ડિગ્રી સુધી પહોંચ્યો હતો. આજે મંગળવારે હવામાન મોટેભાગે તડકાવાળું અને ખૂબ ગરમ રહેશે. મહત્તમ તાપમાન ૩૯ ડિગ્રી અને લઘુત્તમ તાપમાન ૨૧ ડિગ્રી રહેવાની સંભાવના છે. સાંજે તાપમાન ૨૮ ડિગ્રી રહેશે અને ૮ માઈલ પ્રતિ કલાકની ઝડપે હળવો પવન ફૂંકાશે.

ગત અઠવાડિયે બુધવારે તાપમાન ૪૦.૬ ડિગ્રી નોંધાયું હતું. ત્યારબાદ વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની અસરથી ગુરુવાર અને શુક્રવારે તાપમાન ૩૫ ડિગ્રીની આસપાસ રહ્યું હતું. શનિવારથી ફરી તાપમાનમાં વધારો શરૂ થયો છે. લઘુત્તમ તાપમાનમાં પણ વધારો નોંધાયો છે. શનિવારે ૧૪.૮ ડિગ્રી, રવિવારે ૧૫.૫ ડિગ્રી અને સોમવારે ૧૯.૬ ડિગ્રી તાપમાન નોંધાયું હતું. દિવસ અને રાતના તાપમાનમાં આ બેવડા તફાવતની અસર લોકોના સ્વાસ્થ્ય પર પડી રહી છે.

## ઊંઝાના ઉનાવા ગામની ઘટના:બનેવીએ ફોન કરીને સાળાને જાનથી મારી નાખવાની ધમકી આપી

ઊંઝા તાલુકાના ઉનાવા ગામમાં એક ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે. અહીં એક બનેવીએ સાળાને ફોન પર ધમકીઓ આપવાનો મામલો પ્રકાશમાં આવ્યો છે.ઉનાવા ગામમાં રહેતા સલમાન રાકેશભાઈ મીર (ઉંમર ૩૦) હોટલ બસેરા નામનું ભોજનાલય ચલાવે છે. તેમની બહેનના લગ્ન પાલનપુર તાલુકાના વાસણ ગામના આસિફભાઈ નિસારભાઈ મીર સાથે થયા હતા. લગ્ન બાદ આસિફે સલમાનની બહેનને શારીરિક અને માનસિક ત્રાસ આપવાનું શરૂ કર્યું હતું. આ અંગે અગાઉ પોલીસ ફરિયાદ પણ નોંધાઈ હતી.આ ફરિયાદનું મનદુઃખ રાખીને આસિફે સલમાનને, તેની માતાને અને બહેનને મોબાઈલ ફોન પર વારંવાર ગાળો બોલવાનું શરૂ કર્યું. એટલું જ નહી, તેણે જાનથી મારી નાખવાની ધમકીઓ પણ આપી. આ મામલે સલમાન મીરના નિવેદન પરથી ઉનાવા પોલીસે આસિફભાઈ નિસારભાઈ વિરુદ્ધ ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

## વન આરક્ષિત વિસ્તારમાં આગના બનાવો:વનરાજીને વ્યાપક નુકશાન

ગાંધીનગર : ગાંધીનગરમાં દર વર્ષે પાનખર ઋતુ બાદ વનઆરક્ષિત વિસ્તારમાં આગ લાગવાના બનાવો બને છે જેમાં નગરની હરિયાળીને વ્યાપક નુકશાન થાય છે છેલ્લા બે ત્રણ વર્ષોથી આ બનાવોમાં સુખદ ઘટાડો થયો હતો પરંતુ આ વખતે કોઇ ચોક્કસ તત્વો કે ટોળકી દ્વારા વનવિસ્તારમાં પથરાયેલા સુકાપાંદડા બાળવાની ગુનાહિત પ્રવૃત્તિ હાથ ધરવામાં આવી રહી છે. જેના કારણે ઘ-રોડ, ગ-રોડ



,સે-૫ની ઝાડી વિસ્તાર તથા ઝીરો નંબરના રોડ સાઇડની વનરાજીને વ્યાપક નુકશાન થયું છે.

ગાંધીનગર શહેરને દેશનું હરિયાળુ પાટનગર ફરી બનાવવા માટે છેલ્લા ઘણા વખતથી વન વિભાગ અને કોર્પોરેશન દ્વારા મહેનત કરવામાં આવી રહી છે. તો પાનખરની સિઝન પુર્ણ થયા બાદ વનઆરક્ષિત વિસ્તારમાં આગ લગાડી પાંદડાઓ બાળવાની સાથે સાથે નગરની વનરાજીને પણ વ્યાપક નુકસાન પહોંચાડવાની ગુનાહિત પ્રવૃત્તિ ચાલી રહી છે. નગરના ગ-રોડ ઉપરાંત ઘ-રોડ તથા ઝીરો નંબરના રોડની સાઇડમાં આવેલી જંગલ ખાતાની જમીનને ફેન્સીંગ કરીને રક્ષિત કરવામાં આવી છે તેમ છતાં ઘણા તત્વો દ્વારા અહીં આગ લગાડીને સુકાપાંદડાની સાથે સાથે નગરની વનરાજીને પણ નુકસાન પહોંચાડવામાં આવી રહ્યું છે. એક વખત આગ લગાડી દીધા બાદ પવનની દિશામાં આ આગ ફેલાતી જાય છે અને ઘણી વખત તો તે મોટુ સ્વરૂપ પણ ધારણ કરી લે છે.વનઆરક્ષિત વિસ્તારમાં આગતી આગને કારણે વટેમાર્ગુઓ ફાયરબ્રિગેડને કોલ કરે છે જેનાથી ફાયરબ્રિગેડ તથા વનવિભાગના કર્મચારીઓ દોડતા આવે છે પરંતુ આ આગમાં ઘણી હરિયાળી સળગી જાય છે.

## મહેસાણામાં પ્રેમીએ મહિલા પર ત્રાસ ગુજાર્યો

મહેસાણા પંથકમાં એક ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે. એક મહિલાએ ૧૮૧ અભયમ હેલ્પલાઈન પર ફોન કરીને પોતાના પ્રેમી દ્વારા થતી પજવણીની ફરિયાદ નોંધાવી હતી.મહિલા મૂળ છોટાઉદેપુરની રહેવાસી છે. તે પહેલા પરણેલી હતી અને મજૂરી કામ કરતી હતી. કામ દરમિયાન તેની મુલાકાત મહેસાણાના એક યુવક સાથે થઈ હતી. બંને વચ્ચે પ્રેમ થયો હતો. જેથી યુવકે તેને રાણીની જેમ રાખવાનું વચન આપ્યું હતું. આ વચનના આધારે મહિલાએ પોતાના પતિ સાથે છૂટાછેડા લીધા હતા. જોકે, તેની બે પુત્રીઓ પતિ સાથે રહેતી હતી.

આ મહિલાને પ્રેમી મહેસાણા લઈ આવ્યો હતો. પરંતુ અહીં આવ્યાં બાદ તેણે મહિલાને મજૂરી કામે મોકલવાનું શરૂ કર્યું હતું. મહિલા જ્યારે પોતાની પુત્રીઓ સાથે ફોન પર વાત કરતી ત્યારે પ્રેમી તેને મારઝૂડ કરતો હતો અને ત્રાસ આપતો હતો.

૧૮૧ અભયમની ટીમે તાત્કાલિક સ્થળ પર પહોંચીને મદદ કરી હતી. ટીમે પ્રેમીને સમજાવ્યું કે લગ્ન વગર સાથે રહેવું કાયદાકીય રીતે યોગ્ય નથી. તેમણે મહિલા પ્રત્યે થતી હિંસા રોકવા માટે કાઉન્સેલિંગ કરી. અંતે બંને પક્ષો વચ્ચે સમાધાન થયું. ટીમે તેમને કાયદેસર લગ્ન કરવા માટે પણ માર્ગદર્શન આપ્યું હતું.

## મ્યુનિ. કોર્પોરેશન દ્વારા વધુ ૧૦ ઈવી ચાર્જિંગ સ્ટેશન ઉભા કરવામાં આવશે

ગાંધીનગર : દેશભરમાં વધતાં જતાં પ્રદૂષણને નિયંત્રિત કરવા સરકાર દ્વારા ઈલેક્ટ્રિક વાહનોના વેચાણને પ્રેરણા મળે તે હેતુથી અનેક પગલાં લેવામાં આવ્યા છે ત્યારે ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા પણ આ અભિયાન અંતર્ગત ઈવી પોલિસી લાગુ કરવામાં આવી હતી. જે અંતર્ગત હવે વધુ ૧૦ જેટલા ઈવી ચાજગ સ્ટેશન ઊભા કરવાનું આયોજન હાથ ધરવામાં આવ્યું છે.આ પોલિસીના અસરકારક અમલીકરણ માટે ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા શહેરમાં ઈવી વાહનોનું વેચાણ વધે અને ગાંધીનગર શહેરના ઈલેક્ટ્રિક વ્હીકલને ચાજગ સ્ટેશન મળી રહે તે હેતુથી ગાંધીનગરના વિવિધ ૪ વિસ્તારોમાં પબ્લિક પ્રાઈવેટ પાર્ટનરશીપ મોડલ તેમજ રેવન્યુ શેરિંગ મોડેલ આધારિત પબ્લીક ઈલેક્ટ્રિક વ્હીકલ ચાર્જિંગ સ્ટેશન સ્થાપવામાં આવ્યા હતા. તેથી આ તમામ સ્ટેશન પાછળ ગાંધીનગર મહાનગરપાલિકાને કોઈ પણ પ્રકારનો ખર્ચ કરવાનો થતો નથી. આ ઉપરાંત ગાંધીનગર મહાનગરપાલિકાને થયેલ ચાર્જિંગ યુનિટને આધારે રેવન્યુ પણ પ્રાપ્ત થાય છે. સેક્ટર-૨૧ સેન્ટ્રલ લાઈબ્રેરીની પાછળ, સેક્ટર-૨૧ નર્સરીની બાજુમાં ૩,સેક્ટર-૬ પેટ્રોલ પમ્પની સામે,સેક્ટર-૧૧ ટોરેન્ટ પાવર ઓફીસની પાછળ આ ૪ સ્થળો પર ઈવી ચાર્જિંગ સ્ટેશન સ્થાપિત કરવામાં આવ્યા છે. આ ૪ સ્થળો પરના ચાર્જિંગ સ્ટેશનો ઉપર અત્યાર સુધીમાં ૧૩૮૦ વાહનો દ્વારા ચાર્જિંગ કરવામાં આવ્યું છે. આ ઈલેક્ટ્રિક વાહનોને મળી રહેલ પ્રતિસાદને કારણે ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા વધુ ૧૦ ચાર્જિંગ સ્ટેશનો સ્થાપવા આયોજન હાથ ધરવામાં આવ્યું છે અને જે અંતર્ગત નવા દસ ચાર્જિંગ સ્ટેશન ઉભા કરવા માટે નેસેલ એમોબિલિટી પ્રાઈવેટ લિમિટેડને અગાઉની શરત પ્રમાણે જ કામ આપવા સ્થાયી સમિતિમાં દરખાસ્ત મોકલી દેવામાં આવી છે.

## સ્ટેમ્પ ડયૂટીની ૧૨૭.૩૦ કરોડની આવક:નગરમાં માર્ચમાં મિલકતોના ૧૦ હજારથી વધુ દસ્તાવેજો નોંધાયા

છેલ્લા કેટલાક સમયથી ગાંધીનગરમાં રીયલ એસ્ટેટ સેક્ટરમાં લેવાલી જોવા મળી છે. રાજ્યના અન્ય વિસ્તારના લોકો પણ હવે ગાંધીનગરમાં મકાન ખરીદી રહ્યા છે ત્યારે નાણાકીય વર્ષના અંતિમ મહિના માર્ચમાં મિલકતોના દસ્તાવેજોની નોંધણી માટે ભારે ધસારો જોવા મળ્યો હતો. માત્ર માર્ચમાં જ ગાંધીનગર જિલ્લામાં ૧૦,૫૦૭ દસ્તાવેજો નોંધાયા હતા. જ્યારે આ એક જ મહિનામાં સ્ટેમ્પ ડયુટી અને રજિસ્ટ્રેશન ફી પેટે સરકારને ૧૨૭.૩૦ કરોડ રૂપિયાની આવક થઇ છે. એક તરફ ગાંધીનગરમાં રીઅલ એસ્ટેટ સેક્ટરમાં મંદિનો માહોલ ચાલી રહ્યો હોવાનું કહેવાય છે.બીજી તરફ ગાંધીનગરમાં મિલકતોના દસ્તાવેજોની સંખ્યામાં વધારો થતો જાય છે. રાજ્ય સરકારે નવી જંત્રીના સૂચિત દરો જાહેર કર્યા બાદ તેનો વિરોધ થયો હતો. પરંતુ એપ્રિલથી નવી જંત્રીના અમલ અંગેની અનિશ્ચિતતાઓના પગલે જંત્રી લાગુ થાય અને સ્ટેમ્પ ડયુટીમાં વધારો થાય તે પહેલા છેલ્લા બે ચાર મહિનામાં થયેલા સોદામાં નાણાકીય વ્યવહાર પૂર્ણ કરીને માર્ચમાં દસ્તાવેજ નોંધાવી લેવાની ગણતરી સાથે વ્યવહારો થયા હતા. જેના પગલે માર્ચમાં દસ્તાવેજ નોંધણીમાં ભારે ધસારો જોવા મળ્યો હતો.ગાંધીનગરના ત્રણેય ઝોનની ત્રણ સબ રજિસ્ટ્રાર કચેરી ઉપરાંત દહેગામ, માણસા અને કલોલમાં પણ નોંધપાત્ર સંખ્યામાં દસ્તાવેજો નોંધાયા હતા. જિલ્લામાં માર્ચમાં કુલ ૧૦,૫૦૭ દસ્તાવેજોની નોંધણી થઇ હતી. જેથી સરકારને આ મહિનામાં જ સ્ટેમ્પ ડયુટી પેટે ૧૧૦ કરોડ રૂપિયા અને રજિસ્ટ્રેશન ફી પેટે ૧૭.૩૦ કરોડ રૂપિયાની આવક થઇ છે. અગાઉના મહિનામાં સરેરાશ ૮ હજારથી ૮૫૦૦ જેટલા દસ્તાવેજોની સરખામણીએ માર્ચમાં બેથી અઢી હજાર દસ્તાવેજો વધારે નોંધાયા હતા.

# સુશાંત સિંહ રાજપૂત પર બોલી તો સજા મળી:ટીવી એક્ટ્રેસ ક્રિસન બેરેટોએ કહ્યું- એક્ટરની લાગણીની અભિવ્યક્તિને પણ લોકો ધ્યાન ખેંચવા માટેની એક્ટિંગ સમજી લે છે





'સસુરાલ સિમર કા' અને 'કૈસી યે યારિયાં' જેવા શોમાં એક્ટિંગ માટે જાણીતી ટીવી એક્ટ્રેસ ક્રિસન બેરેટોએ તાજેતરમાં જ પોતાના સંઘર્ષ વિશે એક મોટો ખુલાસો કર્યો છે.એક્ટ્રેસે જણાવ્યું કે, જ્યારે તેણે દિવંગત એક્ટર સુશાંત સિંહ રાજપૂત વિશે ખુલીને વાત કરી, ત્યારે તેને તેના કરિયરમાં તેનું પરિણામ ભોગવવું પડ્યું.

શાર્દુલ પંડિતના શો 'અનસેન્સર્ડ વિથ શાર્દુલ' માં વાત કરતા ક્રિસને કહ્યું કે સુશાંત માટે બોલ્યા પછી, તેને ઘણી સમસ્યાઓનો સામનો કરવો પડ્યો. તેને માત્ર ટીકાઓનો સામનો કરવો પડયો ન હતો, પરંતુ પ્રોડક્શન હાઉસે તેને કામ આપવાનો પણ ઈનકાર કરી દીધો હતો.તેણે કહ્યું, 'ભારતમાં, જો તમે એક અભિનેતા છો, તો તમને તમારું દુઃખ દર્શાવવાનો અધિકાર નથી.' જો તમારો કોઈ મિત્ર આ દુનિયામાંથી વિદાય લઈ લે અને તમે તેના વિશે કંઈક કહો, તો પણ લોકો તો એવું જ વિચારે છે કે તમે ધ્યાન ખેંચવા માટે આમ કરી રહ્યા છો. કારણ કે અમે કેમેરા સામે છીએ, લોકો અમારી વાસ્તવિક લાગણીઓને પણ 'અભિનય' માને છે.સુશાંતના કેસ પર ખુલ્લેઆમ બોલવાના જોખમ અંગે, ક્રિસને કહ્યું કે તે સરળ નિર્ણય નહોતો. 'કોઈ આ વિશે વાત કરી રહ્યું ન હતું કારણ કે તેમાં જોખમ સામેલ હતું.' મેં મારી કારકિર્દી અને જીવન પર જોખમ લીધું. મારા પરિવારના સભ્યો પણ મારા પર ગુસ્સે હતા કે મેં આવું કેમ કર્યું.જ્યારે તેમને પૂછવામાં આવ્યું કે શું તેમણે સુશાંતનું નામ ફક્ત ધ્યાન ખેંચવા માટે લીધું છે, તો તેમણે સ્પષ્ટપણે ઈનકાર કર્યો. તેમણે કહ્યું, 'કોઈ પણ એટલું મૂર્ખ નહીં હોય કે ધ્યાન ખેંચવા માટે પોતાનો જીવ જોખમમાં મૂકે.' લોકો સમજી શકતા નથી કે જ્યારે તમે આ રીતે સ્ટેન્ડ લો છો ત્યારે તમારા માટે કેટલા દરવાજા બંધ થઈ જાય છે. મારી સાથે પણ એવું જ થયું. મને કામ મળવાનું બંધ થઈ ગયું.'એક્ટ્રેસે કહ્યું, 'મેં ઘણું ગુમાવ્યું, પણ બદલામાં કંઈ મળ્યું નહીં.' મેં આ મારા મિત્ર માટે કર્યું, ખ્યાતિ મેળવવા માટે નહીં. હું શું ગુમાવી રહી છું તેની મને પરવા નહોતી. મારા મિત્રોએ પણ મને ચૂપ રહેવાનું કહ્યું, પણ હું બોલ્યા વગર રહી શકી નહીં.

## ટિકટોક સ્ટારનો રેપ કરી પાંચમા માળેથી ફેંકી દીધી:ફૈરુઝ આઝાદ બચી ગઈ તો પિતા અને ભાઈએ ઊંઘમાં ગોળી ધરબી દીધી

ઈરાકનું એક શહેર છે કુર્દીસ્તાન. ભલે આ શહેર તેની સુંદર ઈમારતો અને સમૃદ્ધ સંસ્કૃતિ માટે જાણીતું હોય, પરંતુ આ શહેરમાં મહિલાઓની સ્થિતિ બદથી યે બદતર છે. વર્ષ ૨૦૨૩માં, આ શહેરમાં ૩૦ મહિલાઓનું ઓનર કિલિંગ કરવામાં આવ્યું હતું. ૨૦૨૨માં આ આંકડો ૨૩ હતો અને ૨૦૧૭-૧૯ વચ્ચે ૨૦૦ મહિલાઓને ઈજ્જતના નામે ક્રૂરતાથી મોતને ઘાટ ઊતારવામાં આવી હતી.આમાંથી કોઈ મહિલાનો વાંક બસ એટલો જ હતો કે તેણે બળજબરીથી લગ્ન કરવાનો ઈનકાર કર્યો હતો, તો કોઈ યુવતી ભણવા માગતી હતી. તો કેટલીક યુવતીઓએ કંઈક પ્રાપ્ત કરવાનું સ્વપ્ન જોયું હતું, જ્યારે કેટલીક મહિલાને તો ફક્ત એટલા માટે મારી નાખવામાં આવી હતી કે તેઓ કટ્ટરપંથીઓએ બનાવેલા નિયમોના ચોકઠામાં બંધબેસતી ન હતી.અમે તમને આ આંકડા એટલા માટે જણાવી રહ્યા છીએ કારણ કે આજે અમે જે વાર્તા કહી રહ્યા છીએ તે પણ એક ઈરાકી ઈન્ફ્લુએન્સરની છે, જેની હત્યા ફક્ત એટલા માટે કરવામાં આવી હતી કારણ કે તે પ્રખ્યાત હતી. તેના હત્યારાઓ અજાણ્યા નહોતા પણ તેના પોતાના પિતા, ભાઈ અને સંબંધીઓ જ હતા. જ્યારે તે ઊંઘી રહી હતી ત્યારે જ તેને ગોળીઓ મારીને શરીર ચાળણી કરી દેવામાં આવ્યું અને મોતની ચાદરમાં હંમેશ માટે સુવડાવી દેવામાં આવી.આ વાર્તા છે ટિકટોક સ્ટાર ફૈરુઝ આઝાદની. ફૈરુઝ તેના પરિવાર દ્વારા મોતને ભેટતાં પહેલાં પણ મોતનો સામનો કરી ચૂકી હતી. થોડા મહિના પહેલા તેના પર બળાત્કાર ગુજારવામાં આવ્યો હતો અને તેને પાંચમા માળેથી ફેંકી દેવામાં આવી હતી. કોઈક રીતે તે બચી ગઈ, પણ તે આ પીડા ભૂલી શકે તે પહેલાં જ તેની હત્યા કરી નાખવામાં આવી.

## કીર્તિદાન ગઢવીના મહેમાન બન્યા સોનુ નિગમ: દીકરા રાગ સાથે મસ્તી અને શ્લોકની જમાવટ કરી

ગુજરાતી ડાયરા કલાકાર કીર્તિદાન ગઢવી અને બોલિવૂડ સિંગર સોનુ નિગમ વચ્ચે ખૂબ સારી મિત્રતા છે. થોડા દિવસો પહેલા જ બંને અમદાવાદમાં એકસાથે મંચ પર જોવા મળ્યા હતા. સોનુ નિગમની પ્રાઈવેટ ઈવેન્ટમાં કીર્તિદાન ગઢવી પણ પહોંચ્યા હતા. આ દરમિયાન સોનુએ ડાયરા કલાકારને નાના




ભાઈ કહી સંબોધ્યા એટલું જ નહી ખૂબ વખાણ પણ કર્યા હતા. આ જોડી ફરી એકવાર સાથે જોવા મળી છે. આ વખતે કોઈ ઈવેન્ટમાં નહી પણ સોનુ નિગમ કીર્તિદાન ગઢવીના મહેમાન બનીને તેમના ઘરે પહોંચ્યા હતા. કીર્તિદાનના ઘરે પધાર્યા મોંઘેરા મહેમાન! સોનુ નિગમ અને કીર્તિદાને ઈન્સ્ટાગ્રામ પર કોલોબ્રેશનમાં વીડિયો શેર કર્યો હતો.

## અભિષેક-ઐશ્વર્યા કઝિનના લગ્નમાં સાથે જોવા મળ્યા:દીકરી આરાધ્યા પણ સાથે દેખાઈ




અભિષેક બચ્ચન અને ઐશ્વર્યા રાય થોડા સમય પહેલા છૂટાછેડાના સમાચારને કારણે હેડલાઈન્સમાં હતા. આ અફવાઓ પર દંપતીએ કોઈ નિવેદન આપ્યું નથી. પરંતુ, આ પછી, બંને ઘણી વાર સાથે જોવા મળ્યા. તાજેતરમાં અભિષેક-ઐશ્વર્યા પુત્રી આરાધ્યા સાથે એક લગ્નમાં હાજરી આપી હતી. આ પરિવારનો ફોટો હવે સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે.અભિષેક-ઐશ્વર્યા રવિવારે પુણેમાં એક્ટ્રેસની કઝિન શ્લોકા શેટ્ટીના ભાઈના લગ્નમાં હાજર રહ્યા હતા. લગ્નના કેટલાક ફોટા અને વીડિયો સોશિયલ મીડિયા પર સામે આવ્યા છે. તસવીરોમાં આરાધ્યા સફેદ લહેંગા પહેરેલી જોવા મળી રહી છે. આરાધ્યાએ પોતાના દેશી લુક સાથે ન્યૂનતમ મેકઅપ પણ કર્યો. ઐશ્વર્યા લીલા રંગના અનારકલી સૂટમાં જોવા મળી હતી, જ્યારે અભિષેક પીચ રંગનો ઈન્ડો-વેસ્ટર્ન સૂટ પહેરેલો જોવા મળ્યો હતો.ઐશ્વર્યા રાય બચ્ચન અને અભિષેક બચ્ચને થોડા અઠવાડિયા પહેલા મુંબઈમાં ડિરેક્ટર આશુતોષ ગોવારિકરના પુત્ર કોણાર્કના લગ્નમાં હાજરી આપી હતી. ઐશ્વર્યાએ આશુતોષ ગોવારિકર દિગ્દર્શિત ફિલ્મ 'જોધા અકબર' (૨૦૦૮) માં કામ કર્યું હતું. ડિસેમ્બરની શરૂઆતમાં, બંને એક હાઈ-પ્રોફાઈલ પાર્ટીમાં સાથે જોવા મળ્યા હતા. બંને તેમની પુત્રી આરાધ્યાના જન્મદિવસની પાર્ટીમાં પણ સાથે જોવા મળ્યા હતા.થોડા સમય પહેલા, ઐશ્વર્યા રાય અને અભિષેક બચ્ચન તેમના છૂટાછેડાની ખબરોને લઈને સમાચારમાં હતા. તેમના છૂટાછેડાની અફવાઓ વચ્ચે બંનેએ જુલાઈમાં અનંત-રાધિકાના લગ્નમાં અલગ-અલગ એન્ટ્રી કરી અને સમગ્ર લગ્ન દરમિયાન તેઓ સાથે જોવા મળ્યા નહોતા. આ પછી, ઐશ્વર્યા રાય તેની પુત્રી સાથે વેકેશન પર પણ ગઈ હતી, ત્યારે પણ અભિષેક તેની સાથે હાજર નહોતો. જોકે, તાજેતરમાં જ ઐશ્વર્યા અને અભિષેક બચ્ચન કેટલીક ઈવેન્ટ્સમાં સાથે જોવા મળ્યા હતા. જે બાદ તેમના છૂટાછેડાના સમાચાર ખોટા સાબિત થયા.વર્કફ્રન્ટની વાત કરીએ તો, ઐશ્વર્યા રાય બચ્ચન છેલ્લે સાઉથ ફિલ્મ ડિરેક્ટર મણિરત્નમની ફિલ્મ 'પોન્નિયિન સેલવન: II' માં જોવા મળી હતી. આ દરમિયાન, એક સમાચાર આવ્યા જેમાં કહેવામાં આવ્યું કે બંને ટૂંક સમયમાં એક ફિલ્મમાં સાથે જોવા મળશે. મણિરત્નમ આ બંને પર ફિલ્મ બનાવવાનું વિચારી રહ્યા છે.

અભિષેક બચ્ચન અને ઐશ્વર્યા રાયના લગ્ન વર્ષ ૨૦૦૭ માં થયા હતા. બંનેના લગ્નને ૧૭ વર્ષ થઈ ગયા છે. બંનેને એક દીકરી પણ છે, જેનું નામ આરાધ્યા છે. છેલ્લા ઘણા સમયથી ઐશ્વર્યા અને અભિષેક વચ્ચે અલગ થવાના સમાચાર આવી રહ્યા છે.

## કોમેડી કિંગ કપિલ શર્મા ફિલ્મોમાં કમબેક કરશે: કિસ કિસકો પ્યાર કરું ૨ દ્વારા ડૂબતી ફિલ્મી-કરિયરને બચાવવાની કવાયત

કોમેડી કિંગ કપિલ શર્મા ફરી એકવાર ફિલ્મોમાં પરત ફરી રહ્યો છે. તેની સુપરહિટ ફિલ્મ 'કિસ કિસ કો પ્યાર કરું' ની સિક્વલ 'કિસ કિસ કો પ્યાર કરું ૨' રિલીઝ થવાની છે. ફિલ્મનો પહેલો લુક રિલીઝ થઈ ગયો છે, જેમાં કપિલ એક મિસ્ટ્રી ગર્લ સાથે જોવા મળી રહ્યો છે.દર્શકો કપિલ શર્મા વિશે ઉત્સુક છે જે લાંબા સમય પછી કોઈ ફિલ્મમાં મુખ્ય ભૂમિકા ભજવવા જઈ રહ્યો છે, પરંતુ મોટો પ્રશ્ન એ છે કે - શું કપિલ 'કિસ કિસ કો પ્યાર કરું ૨' સાથે તેની ફ્લોપ ફિલ્મ કારકિર્દી બચાવી શકશે?



કપિલે ૨૦૧૭ માં 'ફિરંગી' બનાવી, જે તેની પહેલી પ્રોડ્યુસ ફિલ્મ હતી. એ વખતે તેણે પોતાની પરિચિત કોમેડીથી દૂર જઈને એક ગંભીર વાર્તા પસંદ કરી, પરંતુ એ પ્રયોગ સફળ ન થયો. લગભગ ૨૫-૩૦ કરોડ રૂપિયાના બજેટમાં બનેલી એ ફિલ્મ ફક્ત ૧૦ કરોડ રૂપિયા જ કમાઈ શકી હતી.આ નિષ્ફળતાએ કપિલના વ્યાવસાયિક અને અંગત જીવનને અસર કરી. તેમ તબિયત બગડતી ગઈ, તે ઉદ્યોગથી દૂર થઈ ગયો અને દારૂનો વ્યસની પણ બની ગયો. પરિસ્થિતિ એટલી ખરાબ થઈ ગઈ કે તેનો લોકપ્રિય શો 'ધ કપિલ શર્મા શો' થોડા સમય માટે બંધ કરવો પડયો.

રજત શર્મા સાથેના એક ઈન્ટરવ્યૂમાં, જયારે કપિલને પૂછવામાં આવ્યું કે તેણે 'ફિરંગી'માં આટલા પૈસા કેમ રોકાણ કર્યા, ત્યારે તેણે મજાકમાં જવાબ આપ્યો - 'તે થોડું વધારે હતું સાહેબ, મારા બેંક બેલેન્સમાં ખંજવાળ આવી રહી હતી, મેં વિચાર્યું કે ચાલો રોકાણ કરીએ.' મેં તે ફિલ્મ મારા દિલથી બનાવી છે અને મને તે પ્રોસેસને ખૂબ જ એન્જોય કરી હતી. વ્યક્તિ ભૂલો કરીને જ શીખે છે. હું ફિલ્મો કરવાનું ચાલુ રાખીશ.

## પીઢ અભિનેતા ધર્મેન્દ્રએ કરાવી આંખની સર્જરી, કહ્યું- મારામાં હજુ તાકાત છે

૮૯ વર્ષના દિગ્ગજ એક્ટર ધર્મેન્દ્રની આંખોનું ઓપરેશન થયું છે. તેઓ મુંબઈની એક હોસ્પિટલની બહાર નજર આવ્યા. તેમની ડાબી આંખમાં બેન્ડેજ લાગેલી હતી. ધર્મેન્દ્રને જોઈને ચાહકો પરેશાન થઈ ગયા પરંતુ ગભરાવાની જરૂર નથી. તેમની આંખોનું ઓપરેશન થયુ હતુ. હવે તે પહેલા કરતાં સારું અનુભવી રહ્યાં છે. રિકવર થઈ રહ્યાં છે.

હોસ્પિટલની બહાર પેપ્સે તેમને જોયા તો ખબર-અંતર પૂછવા લાગ્યા. ધર્મેન્દ્રએ કહ્યું 'હું હજુ ખૂબ સ્ટ્રોન્ગ છું. હજુ ધર્મેન્દ્રમાં ખૂબ તાકાત છે. મારી આંખ આઈ ગ્રાફ્ટ થઈ ગઈ છે. હું મજબૂત છું.'ચાહકો એક્ટરના જલ્દી સાજા થવાની પ્રાર્થના કરી રહ્યાં છે. યુઝર્સે કમેન્ટ કરી તેમને ખૂબ પ્રેમ આપ્યો છે. એક્ટરની છેલ્લી રિલીઝ ફિલ્મ 'તેરી



બાતોં મેં એસા ઉલઝા જિયા' હતી. તેમાં કૃતિ સેનન અને શાહિદ કપૂર લીડ રોલમાં હતાં.

# શ્રી ૪૨ ગોળ રોહિત સમાજના પ્રમુખની વરણી કરાઈ

સંજય ચાવડા - મહેસાણા જીલ્લાના જોટાણા તાલુકાના કસલપુર ખાતે તાજેતરમાં શ્રી ૪૨ ગોળ રોહિત સમાજ સેવા ટ્ર્?સ્ટની મળેલી મિટંગમાં સમાજના પ્રમુખ તરીકે શ્રી કંચનલાલ જી ચાવડાની સર્વાનુંમત્તે કરવામાં આવેલી



નિમણૂંકને આવકારી સમાજના આગેવાનો,રાજેન્દ્રકુમાર ડી ચાવડા,નાથાભાઈ એમ પરમાર, બાબુભાઈ સોલંકી,મનુભાઈ સોલંકી,મહેન્દ્રભાઈ ચૌહાણ સહિત સમાજના અન્ય આગેવાનો,જ્ઞાતિબંધુઓ આ નિમણૂંકને આવકારી અભિનંદન પાઠવ્યા હતા.-અખંડ ભારત

# જીસેક કચેરીએ એકત્ર બેરોજગાર યુવકોનો ભારે સૂત્રોચાર-ધરણા

ગુજરાત સરકારની ઈલેક્ટ્રિસિટી કંપની જીસેક( ગુજરાત સ્ટેટ કોર્પોરેશન લિમિટેડ)માં હેલ્પરોની ૮૦૦ જગ્યાઓ ભરવાની માગ સાથે ૨૦૦ જેટલા ઉમેદવારોએ ભૂખ હડતાળ શરુ કરી છે. રાજયના વિવિધ જિલ્લાઓમાંથી આવેલા આ ઉમેદવારોએ સવારથી ભૂખ હડતાળ શરુ કરી હતી. જોકે કંપની સત્તાધીશોએ સાંજે પાંચ વાગ્યા સુધી પણ તેમના કોઈ પ્રતિનિધિને મળવા માટે બોલાવ્યા નહોતા. આ ઉમેદવારોએ કહ્યું હતું કે, જ્યાં સુધી કંપની સત્તાધીશો ભરતી માટે પરીક્ષા લેવાની ખાતરી નહીં આપે ત્યાં સુધી અમારી ભૂખ હડતાળ ચાલુ રહેશે. અમે અહીંથી ઉઠવાના નથી. ઉલ્લેખનીય છે કે, ઉમેદવારોએ તા.૩ માર્ચના રોજ પણ વડોદરા ખાતે જીસેક કંપનીની હેડ ઓફિસની બહાર દેખાવો કર્યા હતા.એ પછી સરકારમાં પણ રજૂઆત કરી હતી. મુખ્યમંત્રીને પણ પત્ર લખ્યો હતો. મુખ્યમંત્રીના આશ્વાસન પછી પણ કંપની દ્વારા ભરતી માટે પરીક્ષા લેવાની કાર્યવાહી આગળ ધપાવવામાં આવી નથી. જીસેકમાં છેલ્લા ૨૫ વર્ષથી હેલ્પરોની ભરતી થઈ નથી. કંપની દ્વારા આઉટ સોર્સિંગ એજન્સીઓ થકી હેલ્પરોની કામગીરી કરાવવામાં આવી રહી છે. ૨૦૨૨માં હેલ્પરોની ૮૦૦ જગ્યાઓ માટે પરીક્ષા લેવાનુ જાહેરનામુ બહાર પડાયું હતુ અને ૫૫૦૦ ઉમેદવારોએ ફોર્મ ભર્યા હતા પરંતુ એ પછી હજી સુધી પરીક્ષા લેવામાં આવી નથી. આ ઉમેદવારો છેલ્લા એક મહિનાથી ભરતી માટે આંદોલન ચલાવી રહ્યા છે.

# કમોસમી વરસાદની આગાહીને ધ્યાને લઈ ખેડૂતોને તકેદારી રાખવા અનુરોધ

હવામાન ખાતાની આગાહીને અનુલક્ષીને તા.૦૧-૦૪-૨૦૨૫ થી તા.૦૩-૦૪-૨૦૨૫ દરમિયાન ગુજરાતના જિલ્લાઓ જેવા કે વલસાડ, નવસારી, નર્મદા, તાપી, સુરત, ડાંગ, અરવલ્લી, દાહોદ, છોટા ઉદેપુર, મહિસાગર, પંચમહાલ, સાબરકાંઠા, ભરૂચ, આંણદ, વડોદરા, અમરેલી, ભાવનગર, બોટાદ અને ગીર સોમનાથ જિલ્લાઓમાં છુટાછવાયા સ્થળોએ હળવો વરસાદની આગાહી કરવામાં આવી છે. આવા સમયે વાદળછાયું વાતાવરણ અને વરસાદને અનુલક્ષીને ખેડૂતો પાકના રક્ષણ માટે ઉચિત પગલાં લેતા જ હોય છે, તેમ છતાં નીચે મુજબના તકેદારીનાં પગલા લેવા રાજ્ય સહિત નર્મદા જિલ્લાના ખેડુતોને સંદેશો આપવામાં આવે છે.કમોસમી વરસાદથી થતા પાક નુકશાનીથી બચવા માટે ખેડુતોના ખેત ઉત્પાદિત પાક, ખેતરમાં કાપણી કરેલા પાક ખુલ્લા હોય તો તેને તાત્કાલીક સલામત સ્થળે ખસેડવાની કાર્યવાહી કરવી, અથવા પ્લાસ્ટિક/ તાડપત્રીથી યોગ્ય રીતે ઢાંકી દેવું અને ઢગલાની ફરતે માટીનો પાળો બનાવી વરસાદનું પાણી ઢગલાની નીચે જતું અટકાવવું.જંતુનાશક દવા અને ખાતરનો ઉપયોગ આ સમયગાળા પુરતો ટાળવો જોઈએ. ખાતર અને બિયારણના વિક્રેતાઓએ જથ્થો પલળે નહી તે મુજબ ગોડાઉનમાં સુરક્ષિત રાખવા. એ.પી.એમ.સી.માં વેપારી અને ખેડુત મિત્રોએ કાળજી રાખી આગોતરા સાવચેતીના પગલા લેવા અનુરોધ કરવામાં આવે છે. -અખંડ ભારત

# દોહાદમાં ચેટીચાંદની ઉજવણી કરાઈ

દાહોદ શહેરમાં સિંધી સમાજ, સિંધી શક્તિ ગ્રૂપ અને શ્રી સ્વામી લીલાશાહ સિંધી સમાજ નવયુવક મંડળ, દાહોદ દ્વારા ચેટીચંદ પર્વની ધામધુમથી ઉજવણી કરવામાં આવી હતી.ભગવાન ઝુલેલાલની શોભાયાત્રા સાંજે ૪ કલાકે દર વર્ષની જેમ આ વર્ષે પણ દાહોદ શહેરની આત્મનંદ સોસાયટી લક્ષ્મી મીલ, રેલ્વે સ્ટેશન રોડ, સિંધી સોસાયટી પહોંચી પુજા વિધી સંપન્ન થઈ હતી આ પહેલા પણ વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું જેમાં પૂજા ,આરતી, પ્રસાદીનું આયોજન કરવામાં આવ્યું હતું. દાહોદ સિંધી સમાજ દ્વારા ચેટીચાંદ પર્વની ઉમંગ



અને ઉલ્લાસભેર ઉજવણી કરાઈ હતી.-અખંડ ભારત

# વડોદરા ઘરનાળા વિસ્તારમાં પીવાના પાણીનો પોકાર

વડોદરા ઘરનાળા વિસ્તારમાં રહેતા લઘુમતી વિસ્તારમાં છેલ્લા એક મહિનાથી પીવાના પાણીની અછત વર્તાતા પુરતા પ્રમાણમાં ગરમીની મોસમમાં પણ પાણી નહી મળતા આખરે સ્થાનિકો વિફર્યા હતા.આજે જાહેર રસ્તા ઉપર માટલા ફોડી,હાઈવે ઉપર ઉતરી આવી રસ્તા રોકો આંદોલન કરતા તંત્ર દોડતુ થયું હતું.સ્થાનિક પોલીસ મધ્યસ્થી કરી પાણીનો પ્રશ્ન હલ કરવાની બાંહેધરી આપતા સ્થાનિકોનો રોષ ઠારે પડ્યો હતો.-અખંડ ભારત

# સ્વામિનારાયણ સંપ્રદાયના સાધુઓ દ્વારા થયેલ ટિપ્પણીના વિરોધમાં રોષ



દ્વારકાધીશ જગત મંદિરમાં સેવા પૂજા સમતપુર નંબર ૧માં સાંજે ૫:૩૦ વાગ્યે સ્વામિનારાયણ સંપ્રદાયના સાધુઓ દ્વારા ભગવાન ધ્રરકાપીશ, સનાતન ધર્મના અનેક દેવી દેવતાઓ, દ્વારકા ગુગ્ગુલી સમાજ પર અભદ્ર ટિપ્પણી મુદ્દે મહાસભાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં દ્વારકાના તમામ જ્ઞાતિ સમાજના આગેવાનો, અગ્રણીઓ, મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. દ્વારકાના અલગ અલગ જ્ઞાતિના હોદ્દેદારો સાથે, આહિરસેના, હિન્દુસેના, શિવસેના, વિશ્વ હિન્દુ પરિષદ સહિત અનેક સનાતન ધર્મના સંગઠનોના હોદ્દેદારો દ્વારા પોતાના વિચારો રજૂ કરવામાં આવ્યા હતા. ગુગ્ગુલી બ્રાહ્મણ જ્ઞાતિ પ્રમુખ યજ્ઞેશભાઈ ઉપાધ્યાય, મંત્રી કપિલભાઈ વાયડા, સહમંત્રી ચેતનભાઈ પુજારી, જ્ઞાતિ કારોબારી સદસ્યો, મધ્યસભા સદસ્યો, સામાજિક કાર્યકરો, મહિલા મંડળ સદસ્યો, તીર્થ પંડાસભા સદસ્યો, યુવા સંગઠન સભ્યો સહિત ખૂબ મોટી સંખ્યામાં દ્વારકાની જાહેર જનતા ઉપસ્થિત રહી હતી. સહમંત્રી ચેતનભાઈ પૂજારી દ્વારા પ્રસંગિક ઉદબોધન, ગિરધરભાઈ જોશી, દિવ્ય પ્રકાશભાઈ ઠાકર, સન્નીભાઈ પુરોહિત, રામભાઈ આહીર, વત્સલભાઈ પુરોહિત, દિપેશભાઈ ચાવડા, પ્રદીપભાઈ વાયડા, યજ્ઞેશભાઈ ઉપાધ્યાય સહિત તમામ વક્તાઓએ પોતાના વિચારો રજૂ કર્યા હતા.તેમજ જ્ઞાતિ પ્રમુખ યજ્ઞેશભાઈ ઉપાધ્યાય દ્વારા જણાવવામાં આવ્યું કે ૭દિવસ પહેલા જનરેલી દ્વારા દ્વારકા પ્રાંત અધિકારીને સ્વામિનારાયણ સંપ્રદાયના સાપુઓના બફાટ બાબતે આવેદનપત્ર આપવામાં આવ્યું હતું. પરંતુ હજી સુધી તેના કોઈ પ્રતિઉત્તર પ્રાપ્ત થયા નથી. આગામી સમયમાં ગુગ્ગુલી બ્રાહ્મણો દ્વારા ઉપવાસ આંદોલન, આહિર સેના દ્વારા ઉગ્ર આંદોલન તેમજ દ્વારકાના વિદ્ધપદમાં આવશે. ગુગ્ગુલી સમાજ દ્વારા દ્વારકા શારદાપીઠાધીશ્વર જગતગુરુ શંકરાચાર્ય સ્વામી સદાનંદજી સરસ્વતીજીના અધ્યક્ષ સ્થાને દ્વારકામાં ધર્મ સભાના આયોજન વિશે પણ વિચારણા કરવામાં આવી છે. દ્વારકા વેપારી મંડળ દ્વારા આ આંદોલનના ભાગરૂપે સમસ્ત દ્વારકા બંધ રાખવાની ચર્ચા પણ કરવામાં આવી જેની તારીખ નજીકના સમયગાળામાં જાહેર કરવામાં આવશે.-અખંડ ભારત

# પ્રાકૃતિક કૃષિ તરફ આકર્ષાયા દિપેનભાઈ દેસાઈ

નર્મદા જિલ્લાનો લાછરસ ગામનો યુવાન પ્રગતિશિલ ખેડૂતમિત્ર શ્રી દિપેનભાઈ કાંતિભાઈ દેસાઈ, જેઓ છેલ્લા ૫ વર્ષથી પશુપાલનની સાથે ૧૪ એકર જમીનમાં મિશ્રપાક પધ્ધતિની પ્રાકૃતિક ખેતી કરે છે.પ્રગતિશિલ ખેડૂતમિત્ર દિપેનભાઈ દેસાઈએ જણાવ્યુ હતુ કે, વર્ષોથી બાપદાદાઓ ખેતી કરતા આવ્યા છે. જે ખેતીને આગળ વધારવાનો મને વિચાર આવ્યો કે, ઘર-આંગણે લાખો રૂપિયાની કમાણી થતી હોય તો હુ કેમ ખેતી ના કરી શકુ. વિદેશ અભ્યાસ બાદ થોડી ઘણી ખેતી કરવાની શરૂઆત કરી. શરૂઆતમાં તો ખેડૂત વધારે મહેનત કરે અને થોડુ કમાય તો એવી હાલત હતી. ખર્ચો વધારે થાય અને ઘરમાં થોડી મદદ થાય એનાથી વિશેષ કોઈ બચત ના થાય. ત્યારબાદ ખેતીમાંથી ઓછા મહેનતે વધારે આવક કેવી રીતે મળી શકે તેના માટે પ્રેરણા પ્રવાસ કર્યો અને પ્રાકૃતિક ખેતી કરવા



વિચાર આવ્યો. વર્ષ૨૦૧૯ માં પ્રાકૃતિક ખેતીની શરૂઆત કરી જેમાં કોઈ પણ જાતનો રાસાયણિક ખાતરનો ઉપયોગ કર્યા વગર બીજામૃત, જીવામૃત, ઘનજીવામૃત, આચ્છાદાન અને વર્મી કમ્પોસ્ટ ખાતર બનાવીને ખેતરમાં ઉપયોગ કરવા લાગ્યો. તેમજ વિવિધ જાતના પાંદડાઓનો ઉપયોગ કરી અર્ક તૈયાર કરી પાકના રક્ષણ અને પોષણ માટે ઉપયોગ કરતા જમીનની ફળદ્રુપતામાં સુધારો જોવા મળ્યો અને પાકમાં બમણુ ઉત્પાદન થવા લાગ્યુ જેનાથી આવકમાં દિનપ્રતિદિન વધારો થતો ગયો અને આર્થિક પરિસ્થિતિ મજબૂત થઈ.૧૪ એકર જમીનમાં મિશ્ર-પાક પધ્ધતિ અપનાવીને સીઝન વાઈસ બારેમાસ પ્રાકૃતિક ખેતી કરતા પ્રગતિશિલ ખેડૂતમિત્ર દિપેનભાઈ દેસાઈના ખેતરમાં શેરડી, પૈપેયા, કેળા, કપાસ, હળદર, આંબાની વાડી છે. જ્યારે શાકભાજીમાં ટામેટા,રીંગણ, ડુંગળી, કોબીજ, મરચાં, પાપડી, કોથમીર, તુવેર અને ભીંડા, લીંબુ અને વિવિધ પ્રકારની લીલી-ભાજી તેમજ ફળફળાદી જોવા મળે છે. જેમાથી લાખોની કમાણી કરે છે. પશુપાલન માટે ખેતરમાં લીલો ઘાસચારો ઉગાડીને પોષ્ટિક પશુઆહારનો ઉપયોગ કરે છે. ખેતરની વધુ માહિતી આપતા જણાવ્યું કે, શેરડીને નર્મદા સુગર ધારીખેડા ખાતે આપવામા આવે છે. જ્યારે પૈપેયા અને કેળાને સ્થાનિક જગ્યાએથી જ વેપારીઓ આવીને લઈ જાય છે. ઘરે જ હળદરનું પ્રોસેસિંગ કરી પાવડર બનાવી વેચાણ કરવામાં આવે છે તેના બિયારણનું પણ વેચાણ કરવામાં આવે છે. નિરોગી જીવન માટે હરહંમેશ પોતાના ખેતરમાં પ્રાકૃતિક ખેતી થકી થતી શાકભાજીનો જ સંપૂર્ણપણે ઘરમાં ઉપયોગ થાય એવા એમના આગ્રહના કારણે ઘરમાં મીઠું સીવાય કોઈ પણ જાતની શાકભાજી બજારમાંથી લાવવી ના પડે તેવો પ્રયત્ન કરે છે. તેમજ ખેતરમાં કામ અર્થે આવતા શ્રમિકો મદદ પણ વેતન સાથે વિનામુલ્યે શાકભાજી આપવામાં આવતી હોય છે.

# દૈયપ પ્રા.શાળામાં તિથી ભોજન અપાયું



ભાનુભાઈ- દૈયપ પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતા બાળકોને ગામના જોગાભાઈ જેતાજી ઠાકોર દ્વારા તિથી ભોજન આપવામાં આવ્યું હતું.આ પ્રેરણાદીયા કામગીરીને સ્થાનિકો,શાળા સ્ટાફ પરિવારે બિરદાવી હતી.-અખંડ ભારત

# લાખણીમાં શ્રેષ્ઠ શિક્ષક એવોર્ડ એનાયત કરાયો

અચલા એજ્યુકેશન ફાઉન્ડેશન ટ્રસ્ટ તરફથી પ્રતિ વર્ષે શૈક્ષણિક સેમિનાર,પરિસંવાદ કે શિક્ષણ ચિંતન ની શિબિરોનું આયોજન કરવામાં આવે છે.ત્યારે હિરક મહોત્સવ હોલ,ગુજરાત વિદ્યાપીઠ ખાતે "સાંપ્રત શિક્ષણ પ્રથાને અસર કરતી સંજીવની રામકાલીન શિક્ષણ પ્રણાલી" વિષય પર પરિસંવાદ નું આયોજન કરવામાં આવ્યું.પરિસંવાદ નું ઉદ્ઘાટન ડૉ.કુબેરભાઈ ડિંડોર(માન.શિક્ષણમંત્રીશ્રી ગુજરાત સરકાર)ના હસ્તે કરવામાં આવ્યું. ઉદ્ઘાટન સત્રમાં અન્ય સારસ્વત મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.પ્રથમ ઉદ્ઘાટન સત્રમાં અચલા ના મેનેજિંગ ટ્રસ્ટી અને તંત્રી ડૉ.મફતલાલ પટેલ,ડૉ.શ્વેતાંગ પટેલ (સંજય પટેલ)(અચલા ના ટ્રસ્ટી અને સમાજસેવક),આદરણીય શ્રી વિઠ્ઠલભાઈ પટેલ (ગુજરાત અગ્રણી શિક્ષણવિદ અને વરિષ્ઠ ગણિતજ્ઞ),શ્રીમતી અનાર જયેશ પટેલ (સંસ્થાપક અને સંચાલિકા ક્રાફ્ટ રૂટસ અને ગ્રામ) હાજર રહ્યા હતા.તથા અચલા ના "સાંપ્રત શિક્ષણપ્રથાને અસર કરતી સંજીવની રામકાલીન શિક્ષણ પ્રણાલી" વિષયના વિશેષાંક નું વિમોચન કરવામાં આવ્યું.સાથે સાથે વિવિધ પુસ્તકોનું પણ વિમોચન કરવામાં આવ્યું.ત્યારબાદ બપોર પછીના સેશન માં એવોર્ડ



સમારંભ ઉત્તરાખંડ ના પૂર્વ મુખ્યમંત્રી અને ભારત સરકાર ના માનનીય.પૂર્વ શિક્ષણમંત્રીશ્રી ડૉ.રમેશ પોખરીયા 'નિશંક' ના વરદ હસ્તે શ્રેષ્ઠ શિક્ષકોનું અને આજીવન ભેખધારી સાધકોને 'સારસ્વત એવોર્ડ' થી સન્માનિત કરવામાં આવ્યા. આ પ્રસંગે પ્રતિવર્ષની જેમ આ વર્ષે પણ ગુજરાતના પૂર્વ મુખ્ય સચિવ શ્રી પી.કે.લહેરીજી, વરિષ્ઠ પત્રકાર અને લેખક મુ.દેવેન્દ્રભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા.

ત્યારે અત્રે ની મોરાલ અનુપમ પ્રાથમિક શાળામાં શિક્ષક તરીકે ફરજ બજાવી ને હાલ લાખણી સી.આર.સી. કો.ઓર્ડીનેટર તરીકે ફરજ બજાવતા શ્રી સુખદેવરામ ઈશ્વરલાલ જોષી ને "અચલા શ્રેષ્ઠ શિક્ષક એવોર્ડ" ઉત્તરાખંડ ના પૂર્વ મુખ્યમંત્રી અને ભારત સરકાર ના માનનીય પૂર્વ શિક્ષણમંત્રીશ્રી ડૉ.રમેશ પોખરીયા 'નિશંક' ના વરદ હસ્તે ટ્રોફી,શાલ અને ૧૦ હજાર નો ચેક આપીને સન્માનિત કરવામાં આવ્યા હતા.રાજ્ય માં કુલ ૧૦ શિક્ષકો ને આ એવોર્ડ એનાયત કરવામાં આવ્યો હતો.જેના ૬ પ્રાથમિક શિક્ષક,૩ માધ્યમિક શિક્ષક,૧ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષક ને એવોર્ડ એનાયત કરવામાં આવ્યો હતો.આ એવોર્ડ થી સુખદેવરામ જોષી એ પોતાના સમાજ,ગામ અને સમગ્ર બનાસકાંઠા જિલ્લા નું નામ રોશન કર્યું છે.એમની આ ખુશી ની પળ માં તેજસિંહ પરમાર,રાજુભાઈ પ્રજાપતિ,ગોવિંદસિંહ મકવાણા,શૈલેષભાઈ મોદી, અરવિંદસિંહ ચાવડા સહભાગી બન્યા હતા.સમગ્ર કાર્યક્રમ નું સંચાલન અચલા એજ્યુકેશન ફાઉન્ડેશન ટ્રસ્ટ ના સહતંત્રી દધીચિ ઠાકરે કર્યું હતું.

# મુંજસર જીઆઈડીસી રોડની સાઈડો પુરવા માંગ



મંજુસર જીઆઈડીસી વિસ્તારમાં તાજેતરમાં બનાવામાં નવિન રોડના કારણે તેની સાઈડો ઉંચી થઈ જતાં માર્ગ ઉપરથી વાહન નીચે ઉતરી જવાથી વાહન ચાલકોને અકસ્માતનો ભય સતાવી રહ્યો હોઈ તાકીદે રોડ માર્ગની સાઈડો પુરી મરામત કરવામાં આવે તેવી સ્થાનિક વાહન ચાલકોની માંગ ઉઠી છે.-અખંડ ભારત

# હિંમતનગરમાં પક્ષીઓ માટે માળા,કુંડાનું વિતરણ કરાયું

હિંમતનગર તાલુકાના અરજનપુરા ગામના વતની ઠાકોર દિનેશસિંહ જગતસિંહ તેમના ધર્મપત્ની સ્વ ભાવનાબેન જે મૂંગા પક્ષીઓ માટે માળા અને કુંડા નું વિતરણ કરતા હતા તેમની ઈચ્છા હતી કે આ કાર્ય અવિરત પણે ચાલુ રહે તેથી ઠાકોર દિનેશસિંહ અરજનપુરા તથા તેમના પરમ મિત્ર પટેલ ચિરાગકુમાર કુંપ હમીરગઢ તે છેલ્લા ચાર વર્ષથી પક્ષીઓ માટે ૧૨૦૦ જેટલા પાણી પીવાના કુંડા તથા તેમને રહેવા માટે ૧૫૦૦ જેટલા માળા નિશુલ્ક ભાવે સેવાની ભાવનાથી કાર્ય કરે છે તેમણે તેમની ધર્મ પત્નીની પ્રેરણાથી ગાય ભેંસોને પાણી પીવા માટે ચાર હવાડા અને પક્ષીઓને ચણવા માટે ત્રણ ચબૂતરા નું પણ નિર્માણ કરતા આ સેવાભાવી પરિવારની સુગંધ સમગ્ર પંથકમાં પ્રસરાઈ છે.-અખંડ ભારત



# ધારીના સરસીયા ખાતે ખાતમુહુર્ત કાર્યક્રમ યોજાયો

ધારી તાલુકાના સરસીયા ગામે પીલુકિયા ડેમનાં નવીનીકરણ માટે ૨૧ લાખ જેવી માતબર રકમ રાજ્ય સરકાર દ્વારા મંજૂર કરવામાં આવતા અમરેલી જિલ્લા ભાજપના નવનિયુક્ત પ્રમુખ અતુલભાઈ કાનાણી ના હસ્તે ખાતમુહર્ત કરવામાં આવ્યું હતું.


આ પ્રસંગે ધારી તાલુકા ભાજપ પ્રમુખ મૃગેશભાઈ કોટડીયા, પૂર્વ પ્રમુખ જીતુભાઈ જોશી, ધારી તાલુકા પંચાયત પ્રમુખ ઘનશ્યામભાઈ હીરપરા, સહિત તાલુકા,જિલ્લા સદસ્યો,સરપંચો,આગેવાનો,ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

-અખંડ ભારત



## પ્રકૃતિપ્રેમીઓ માટે ભાવનગરનું કાળીયાર રાષ્ટ્રીય ઉદ્યાન સ્વર્ગ સમાન

# કાળીયાર રાષ્ટ્રીય ઉદ્યાનમાં આવતા સહેલાણીઓ માટે ૧૫ ગાડીઓ અને ૨૨ જેટલાં ગાઈડની સુવિધા ઉપલબ્ધ










ગુજરાતમાં આવેલા ચાર રાષ્ટ્રીય ઉદ્યાન પૈકીનું એક ઉદ્યાન એટલે ભાવનગર શહેરથી ૫૨ કિલોમીટર દૂર આવેલું વેળાવદર કાળીયાર રાષ્ટ્રીય ઉદ્યાન. આ રાષ્ટ્રીય ઉદ્યાન સમગ્ર રાજ્યનું આગવું નજરાણું છે. આ ઉદ્યાનમાં કાળીયાર સિવાય વરુ, ઝરખ, નીલગાય તેમજ અહીંના વેટલેન્ડમાં દેશ વિદેશના વિવિધ જાતના પક્ષીઓ જોવા મળે છે. પ્રકૃતિપ્રેમીઓ માટે કાળીયાર ઉદ્યાન સ્વર્ગ સમાન છે. આ રાષ્ટ્રીય ઉદ્યાનમાં ૫ હજાર કાળીયાર મુક્ત રીતે વિચરી રહ્યા છે. આ રાષ્ટ્રીય ઉદ્યાન તેની ઘાંસીયા ભૂમિ અને સ્થાનિક વૃક્ષોથી રચાયેલ વસાહત, કાળીયાર, નીલગાય, ભારતીય વરૂ, ઝરખ, શિયાળ, લોંકડી જેવા પ્રાણીઓ અને ખડમોર (લેસર ફ્લોટીકન) અને પટ્ટાઈઓ (હેરીયર્સ) જેવા યાયાવર પક્ષીઓ માટે સ્વર્ગ સમાન આશ્રયસ્થાન છે. આ સમગ્ર વિસ્તારને "ભાલ" તરીકે ઓળખવામાં આવે છે. આ ભાલ વિસ્તારને કાળીયાર રાષ્ટ્રીય ઉદ્યાન તરીકે જાહેર કરવામાં આવેલુ છે. આ રાષ્ટ્રીય ઉદ્યાન ૩૪.૫૩ ચો. કિ.મી. વિસ્તારમાં ફેલાયેલું છે. સમતળ જમીન, સુકુ ઘાસ અને હરણોના ટોળાંઓ હંમેશા આ પાર્કમાં મુલાકાતીઓને આકર્ષિત કરે છે. જેમાં એક અનન્ય ઘાસવાળી ઈકોસિસ્ટમ છે.

ભાવનગર જિલ્લાના વેળાવદરમાં જોવા મળતા કાળીયાર "Antelope cervicapra rajputanae (વૈજ્ઞાનિક નામ)" તરીકે ઓળખાય છે, જે ભારતમાં અન્ય રાજયમાં જોવા મળતા કાળીયારો કરતાં અલગ દેહલાલીત્ય ધરાવે છે. તે ટોળામાં રહે છે અને પ્રતિ કલાક ૮૦ કિ.મી. ની ઝડપે લાંબા અંતર સુધી દોડી શકતું એકમાત્ર પ્રાણી ચિત્તો છે, પરંતુ તે ટુંકા અંતર માટે વધુ ઝડપથી દોડી શકે છે. જ્યારે કાળીયાર તેની પૂર્ણ ક્ષમતાએ દોડે ત્યારે તેની બે ખરીની છાપ વચ્ચેનું મહત્તમ અંતર ૬.૬૦ મી. જોવા મળે છે. લેસર ફ્લોરીકન પક્ષી બસ્ટાર્ડ કૂળનું દુર્લભપક્ષી છે, જેને ખડમોર તરીકે પણ ઓળખવામાં આવે છે. દર વર્ષે ચોમાસાના વાદળો ઘેરાય ત્યારબાદ આ પક્ષીઓનું આગમન થાય છે અને નર પક્ષી પોતાની હદ નક્કી કરી માદાને પોતાની તરફ આકર્ષવા ૧.૫ થી ૨.૦ મી. ઉંચો કૂદકો મારે છે અને ટરરરુ જેવો અવાજ કરે છે. આ પક્ષી સપ્ટેમ્બર મહિનાના અંત સુધી રાષ્ટ્રીય ઉદ્યાનમાં જોવા મળે છે. માદા જમીન પર માળો બાંધી તેમાં ત્રણથી ચાર ઈંડા મુકે છે અને બચ્ચાનો ઉછેર કરે છે. તેની સંવનન સિવાયની ઋતુમાં તે કયાં વસે છે, તેના ઉપર સંશોધન થઈ રહ્યાં છે. પ્રવાસીઓ માટે આ સમય દરમ્યાન રાષ્ટ્રીય ઉદ્યાન બંધ રહેવાથી આ પક્ષીઓને નિહાળી શકાતા નથી.પટ્ટાઇ એ શિકારી કૂળનું યાયાવર પક્ષી છે, જેની કુલ-૦૪ (ચાર) જાતો આ રાષ્ટ્રીય ઉદ્યાનમાં નોંધાયેલ છે. આ પક્ષીઓ કઝાકીસ્તાન અને સાયબીરીયા જેવા ઠંડા પ્રદેશોમાંથી શિયાળો ગાળવા અંદાજે ૮૦૦૦ કિ.મી. જેટલું અંતર કાપી અહીં આવે છે. તે કીટક, નાના ઉંદર જેવા પ્રાણીઓ, પક્ષીઓ, ઈયળો, ગરોળીઓ, કાંચીડા વગેરેનો ખોરાક તરીકે ઉપયોગ કરે છે. અલગ-અલગ વિસ્તાર અને જાતિના પટ્ટાઈઓ સમૂહમાં ઘાંસીયા ભૂમિમાં રાતવાસો કરતા હોવાથી તેને સામૂહિક શયન તરીકે ઓળખવામાં આવે છે. આ રાષ્ટ્રીય ઉદ્યાનમાં પટ્ટી-પટ્ટાઈ, ઉજળી પટ્ટાઇ, ઉત્તરીય પટ્ટાઇ અને પાન પટ્ટાઇ જોવા મળે છે. ઝરખ એ સફાઈ કામદાર તરીકે ઓળખાતું શ્વાનકૂળનું પ્રાણી ણી છે. આ પ્રાણી મૃત્યુ પામેલા પ્રાણીઓના માંસ અને હાડકાનો ખોરાક તરીકે ઉપયોગ કરે છે. તે સામાન્ય કુતરા કરતા કદમાં મોટું અને આગળના ખંભાથી ઉંચાઈ વધારે હોય છે, જયારે પાછળના પગની ઉચાઈ ઓછી હોવાથી કદરૂપુ દેખાય છે. એના શરીર પર કાળા રંગના અનિયમિત પટ્ટા જોવા મળે છે. તેઓ રાષ્ટ્રીય ઉદ્યાનના પર્યાવરણને જાળવી રાખવા સફાઈનું કામ અસરકારક રીતે કરે છે અને મૃત્યુ પામેલા પ્રાણીઓના મોટા હાડકાને ચાવીને કેલ્શીયમ અને ફોસ્ફરસ જેવા કિંમતી પોષાક તત્વોનું રીસાયકલીંગ કરે છે.

## રાજ્યકક્ષાની ખેલ મહાકુંભ 3.0 લોન ટેનિસની સ્પર્ધામાં સચિવાલય જીમખાનાના ખેલાડીઓએ ગોલ્ડ અને બ્રોન્ઝ મેડલ જીતી ઉત્કૃષ્ટ પ્રદર્શન

ખેલ મહાકુંભના માધ્યમથી ગુજરાતના ખેલાડીઓએ રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કક્ષાએ વિવિધ મેડલ પ્રાપ્ત કરીને ગુજરાત અને ગુજરાતીઓને ગૌરવ અપાવ્યું છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શન અને રમત ગમત રાજ્ય મંત્રી શ્રી હર્ષ સંઘવીના નેતૃત્વમાં રાજ્યના બાળકો- યુવાનોમાં રમત ગમત પ્રત્યે જાગૃતિ આવે અને તેમાં સહભાગીતા વધે તેવા ઉમદા હેતુથી રાજ્યમાં વર્ષોથી ખેલ મહાકુંભ યોજાઈ રહ્યો છે. જેના ભાગરૂપે ગાંધીનગર સેક્ટર-૨૧ જીમખાનામાં રાજ્યકક્ષાની ખેલ




મહાકુંભ ૩.૦ લોન ટેનિસનું આયોજન કરવામાં આવ્યું હતું.

જેમાં રસ ધરાવતા મોટી સંખ્યામાં કર્મયોગી- ખેલાડીઓએ લોન ટેનિસમાં ભાગ લીધો હતો તેમ,સ્પોર્ટ્સ ઓથોરેટી ઓફ ગુજરાતની યાદીમાં જણાવાયું છે. યાદીમાં વધુમાં જણાવાયું છે કે, રાજયકક્ષાની ખેલ મહાકુંભ ૩.૦ લોન ટેનિસની સ્પર્ધામાં ગાંધીનગરમાં સચિવાલય જીમખાનાના ખેલાડીઓએ ઉત્કૃષ્ટ પ્રદર્શન કરી વિવિધ મેડલ હાંસલ કર્યા હતા.



**આંકલાવ APMCની ચૂંટણીમાં ભાજપની કારમી હાર , ધારાસભ્યશ્રી અમિતભાઈ ચાવડાની આગેવાની વાળી કોંગ્રેસ પ્રેરિત પેનલ સામે ભાજપને ઉમેદવારી કરવા માટે ઉમેદવાર સુદ્ધા ના મળતા આંકલાવ APMCમાં કોંગ્રેસ પેનલ બિનહરીફ વિજેતા.**

## ઊંઝાના ઐઠોર ગામમાં ગણપતિ મંદિરનો ત્રિદિવસીય મેળો શરૂ



ઊંઝા નજીક આવેલા ઐઠોર ગામના સુપ્રસિદ્ધ ગણપતિ મંદિરમાં ત્રિદિવસીય મેળાનો પ્રારંભ થયો છે. ૩૧ માર્ચથી ૨ એપ્રિલ ૨૦૨૫ સુધી ચાલનારા આ ભવ્ય શુકન મેળામાં મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ દર્શનાર્થે ઉમટ્યા છે.

મેળાની ખાસ વિશેષતા એ છે કે દરેક ભક્તને ૩૫ ગ્રામ વજનનો શુદ્ધ ઘીનો લાડુ પ્રસાદ રૂપે આપવામાં આવશે. સંસ્થા દ્વારા અત્યાર સુધીમાં ૪૫ હજાર લાડુ પેકિંગ સાથે તૈયાર કરવામાં આવ્યા છે. સંસ્થાનું આયોજન છે કે દર્શન કરવા આવનાર દરેક ભક્તના ઘર સુધી લાડુનો પ્રસાદ પહોંચે.આજે મોડી સાંજે વર્ષફળના શુકન જોવામાં આવશે. આ શુકન પરથી આવનારું વર્ષ કેવું જશે તેનો અંદાજ મેળવી શકાશે.

## ગુજરાત યુનિવર્સિટીમાં ભરતીની જાહેરાત:ઓનલાઈન કોર્સમાં પહેલીવાર ડેપ્યુટી રજિસ્ટ્રારની ૧૧ મહિનાના કોન્ટ્રાક્ટ પર ૨.૦૮ લાખ પગારમાં ભરતી થશે

ગુજરાત યુનિવર્સિટી દ્વારા તાજેતરમાં વિવિધ પોસ્ટ પર ભરતીની જાહેરાત કરવામાં આવી છે. આ ભરતીની જાહેરાતમાં ડેપ્યુટી રજિસ્ટ્રારની જાહેરાત પણ આપવામાં આવી છે. યુનિવર્સિટીમાં પ્રથમ વખત ડેપ્યુટી રજિસ્ટ્રારની કોન્ટ્રાકટ આધારિત ૧૧ મહિના માટે ભરતી કરવામાં આવશે, જેનો પગાર ૨,૦૮,૦૦૦ સુધીનો રહેશે. આ ભરતી ઓનલાઈન કોર્સ માટે કરવામાં આવશે.ગુજરાત યુનિવર્સિટી દ્વારા વિવિધ ૧૮ પોસ્ટ પર ૪૦થી વધુ ભરતી માટેની જાહેરાત કરવામાં આવી છે.`ઝના નિયમ મુજબ ગુજરાત યુનિવર્સિટીમાં ઓનલાઇન કોર્સ શરૂ કરવામાં આવ્યા છે. આ ઓનલાઇન કોર્સ માટે ડેપ્યુટી રજીસ્ટરથી લઈને સ્ટાફ સુધીની




અલગ અલગ ૧૮ પોસ્ટ પર ભરતીની જાહેરાત કરવામાં આવી છે.જેમાં ૧૪,૮૦૦ રૂપિયાથી ૨.૦૮ લાખ સુધીનો પગાર ધોરણ રાખવામાં આવ્યું છે. ઉમેદવારને લાયકાત મુજબ પસંદગી થયા બાદ ભરતી કરવામાં આવશે.ગુજરાત યુનિવર્સિટી દ્વારા જે ૧૮ પોસ્ટ પર ભરતીની જાહેરાત કરવામાં આવી છે, તેમાં એસોસિયેટ પ્રોફેસર,એસોસિયેટ પ્રોફેસર અને ડેપ્યુટી ડાયરેકટર,આસિસ્ટન્ટ પ્રોફેસર,આસિસ્ટન્ટ પ્રોફેસર અને આસિસ્ટન્ટ ડાયરેક્ટર, ડેપ્યુટી રજિસ્ટ્રાર,આસિસ્ટન્ટ રજિસ્ટ્રાર, સેકશન ઓફિસર,આસિસ્ટન્ટ કોમ્પ્યુટર ઓપરેટર, મલ્ટી ટાસ્કિંગ સ્ટાફ, ટેક્નિકલ મેનેજર, ટેક્નિકલ એસોસિયેટ, ટેક્નિકલ આસિસ્ટન્ટ, ટેક્નિકલ મેનેજર એડમિશન, ટેક્નિકલ આસિસ્ટન્ટ એડમિનિસ્ટ્રેટર એમ ૧૮ કોર્સ માટે ૪૦થી વધુ ભરતીની જાહેરાત કરવામાં આવી છે.ડેપ્યુટી રજીસ્ટર અને આસિસ્ટન્ટ રજીસ્ટરની પ્રથમ વખત કોન્ટ્રાક્ટ પર ૧૧ મહિના માટે ભરતી કરવામાં આવશે.ગુજરાત યુનિવર્સિટીમાં હાલમાં ૩ ડેપ્યુટી રજિસ્ટ્રાર છે પરંતુ, નવી ભરતી ઓનલાઈન કોર્સ માટે કરવામાં આવશે. જેમાં વય મર્યાદા ૫૦ વર્ષ સુધીની હોવી જોઈએ. ૫૫% સાથે માસ્ટર ડિગ્રી હોવી જોઈએ. પાંચ વર્ષનો આસિસ્ટન્ટ રજિસ્ટ્રાર તરીકેનો અનુભવ હોવો જોઈએ. ઓનલાઈન એજ્યુકેશનમાં ત્રણ વર્ષનો અનુભવ હોવો જોઈએ. આસિસ્ટન્ટ રજિસ્ટ્રાર માટે વય મર્યાદા ૪૫ વર્ષની હોવી જોઈએ. ૫૫% સાથે માસ્ટર ડિગ્રી કરી હોવી જોઈએ અને ઓનલાઈન એજ્યુકેશનમાં ત્રણ વર્ષનો અનુભવ થવો જોઈએ.ગુજરાત યુનિવર્સિટીના પૂર્વ કુલપતિ એમ.એન પટેલે જણાવ્યું હતું કે, ગુજરાત યુનિવર્સિટીમાં પ્રથમ વખત કોન્ટ્રાક્ટ પર ડેપ્યુટી રજિસ્ટ્રારની ભરતી કરવામાં આવશે. અગાઉ આ રીતે ક્યારેય ભરતી કરવામાં આવી નથી. યુનિવર્સિટીની જરૂરિયાત પ્રમાણે યુનિવર્સિટી આ પ્રમાણે ભરતી કરી રહી છે.

## જમ્મુ-કાશ્મીરના કઠુઆમાં એન્કાઉન્ટર, ૧ આતંકવાદી ઠાર

છેલ્લા ૧૦ દિવસમાં કઠુઆમાં આતંકવાદીઓ સાથે સુરક્ષા દળોની આ ત્રીજી અથડામણ છે. પ્રથમ એન્કાઉન્ટર ૨૩ માર્ચે હીરાનગર સેક્ટરમાં થયું હતું.જમ્મુ-કાશ્મીરના કઠુઆના બિલાવર વિસ્તારમાં પંજતીર્થી મંદિર પાસે સોમવારે રાતથી ચાલી રહેલા એન્કાઉન્ટરમાં એક આતંકવાદી માર્યો ગયો છે. જો કે, સુરક્ષાદળોએ આ વાતની સત્તાવાર પુષ્ટિ કરી નથી. સેનાના રાઈઝિંગ સ્ટાર કોર્પ્સ મુજબ, ૩૧ માર્ચની રાત્રે આ વિસ્તારમાં શંકાસ્પદ હલચલની જાણ કરવામાં આવી હતી, ત્યારબાદ સેનાએ સર્ચિંગ શરૂ કર્યુ. આતંકવાદીઓ તરફથી ગોળીબાર બાદ એન્કાઉન્ટર શરૂ થયું હતું.જંગલમાં છુપાયેલા ત્રણ આતંકવાદીઓ ભાગી ન શકે તે માટે સુરક્ષા દળોએ આખી રાત આ વિસ્તારને ઘેરી લીધો હતો. સવારે ૭ વાગ્યા પછી ગોળીબાર બંધ થયો. આતંકવાદીઓની શોધખોળ હજુ પણ ચાલુ છેછેલ્લા ૯ દિવસમાં કઠુઆમાં સુરક્ષા દળો અને આતંકવાદીઓ વચ્ચે આ ત્રીજું એન્કાઉન્ટર છે. પહેલું એન્કાઉન્ટર ૨૩ માર્ચે હીરાનગર સેક્ટરમાં થયું હતું. સુરક્ષા દળોને જૈશ-એ-મોહમ્મદના પ્રોક્સી સંગઠન પીપલ્સ એન્ટી ફાસીસ્ટ ફ્રન્ટના પાંચ આતંકવાદીઓ છુપાયા હોવાની માહિતી મળી હતી.

## પશ્ચિમ બંગાળમાં સિલિન્ડર બ્લાસ્ટ, ૭ લોકોના મોત

પશ્ચિમ બંગાળના દક્ષિણ ૨૪ પરગણા જિલ્લાના પાથર પ્રતિમા વિસ્તારમાં સોમવારે રાત્રે ગેસ સિલિન્ડર વિસ્ફોટમાં સાત લોકોના મોત થયા હતા. મૃતકોમાં ૪ બાળકો અને ૨ મહિલાઓનો સમાવેશ થાય છે. જ્યારે, એક ઘાયલ મહિલાને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી છે.સુંદરબન જિલ્લાના એસપી કોટેશ્વર રાવના જણાવ્યા અનુસાર, આ અકસ્માત રાત્રે ૯ વાગ્યે પાથર પ્રતિમા બ્લોકના ઢોલાઘાટ ગામમાં થયો હતો. બધા મૃતદેહો મળી આવ્યા છે. મૃત્યુ પામેલા લોકો એક જ પરિવારના



છે.શરૂઆતની તપાસમાં પોલીસને ખબર પડી કે ૨ ગેસ સિલિન્ડરમાં બ્લાસ્ટ થયો હતો. આના કારણે ઘરમાં રાખેલા ફટાકડા પણ બળી ગયા, જેના કારણે આગ વધુ ઝડપથી ફેલાઈ ગઈ. આ ઘટનામાં ૭ લોકોના મોત થયા હતા. પોલીસ વધુ તપાસ કરી રહી છે કે ઘરમાં ફટાકડા બનાવવાનો કોઈ ગેરકાયદે ધંધો ચાલી રહ્યો હતો કે કેમ.બચાવ કાર્ય પૂર્ણ થયું, પોલીસ તપાસમાં વ્યસ્ત પોલીસે જણાવ્યું કે આગની માહિતી મળતા જ ફાયર બ્રિગેડ અને પોલીસની ટીમ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. સ્થાનિક વહીવટીતંત્રની મદદથી રાહત અને બચાવ કામગીરી શરૂ કરવામાં આવી હતી. હવે પરિસ્થિતિ નિયંત્રણમાં છે. આગ પર કાબુ મેળવી લેવામાં આવ્યો છે.

## રાજસ્થાનમાં ફેક્ટરીમાં ગેસ લીકેજ, માલિક સહિત ૩ના મોત

રાજસ્થાનના બ્યાવરમાં એક એસિડ ફેક્ટરીના વેરહાઉસમાં પાર્ક કરેલા ટેન્કરમાંથી નાઈટ્રોજન ગેસ લીકેજ થવાથી કંપનીના માલિક સહિત ત્રણ લોકોના મોત થયા હતા. બે લોકોની હાલત હજુ પણ ગંભીર છે.અકસ્માતમાં અસરગ્રસ્ત ૬૦થી વધુ લોકોને બ્યાવર અને અજમેર સરકારી હોસ્પિટલોમાં દાખલ કરવામાં આવ્યા હતા. ગેસની અસરથી ઘણા પાલતુ પશુઓ અને રખડતા કૂતરાઓના પણ મોત થયા છે.આ ઘટના સોમવારે રાત્રે ૧૦ વાગ્યે બ્યાવર પોલીસ સ્ટેશન હેઠળના બારિયા વિસ્તારમાં આવેલી સુનિલ ટ્રેડિંગ કંપનીમાં બની હતી. ફેક્ટરીની નજીકના ઘણા ઘરો ખાલી કરાવવામાં આવ્યા છે.આ અકસ્માતમાં કંપનીના માલિક સુનિલ સિંઘલ (૪૭)નું મોત થયું હતું. તેઓ આખી રાત ગેસને કાબુમાં લેવાનો પ્રયાસ કરી રહ્યા હતા. જ્યારે તેમની તબિયત લથડી, ત્યારે તેમને અજમેર જેએલએન હોસ્પિટલમાં રિફર કરવામાં આવ્યા. સોમવારે રાત્રે જ સારવાર દરમિયાન તેમનું મોત નીપજ્યું હતું.આ દરમિયાન, મંગળવારે સવારે વધુ બે પીડિતો, નરેન્દ્ર સોલંકી (૪૦) અને દયારામ (૫૨) નું પણ મૃત્યુ થયું.

# જમીન વિવાદમાં વકીલ મયંક પટેલ અને તેની માતા સામેની ફરિયાદ મામલે વડોદરા વકીલ મંડળ મેદાને, નિષ્પક્ષ તપાસની કરી માગ




વકીલ મયંક પટેલ અને તેની માતા સામે હિંગલોટ ગામની સીમમાં આવેલ જમીન માટે ૬૫ લાખ પડાવી લીધા હોવાની ફરિયાદ સામે વડોદરા વકીલ મંડળે ફરિયાદ અને પોલીસની કાર્યવાહી ઉપર શંકા ઉપજાવી વડોદરા ગ્રામ્ય એસપી સમક્ષ નિષ્પક્ષ તપાસની માંગ કરી છે.

વડોદરા તાલુકાના હિંગલોટ ગામે ગણોત ધારા હેઠળની જમીન આવેલી છે. આ જમીન સેવાસી ગામના વકીલ મયંક રમેશભાઈ પટેલ અને તેની માતા વિજયાબેન બિનખેતીની જમીન છે કહી તરસાલી વિસ્તારમાં રહેતા વેપારીને વેચાણે આપી હતી. તે માટે રૂપિયા ૬૫ લાખ પડાવી લીધા હતા. પરંતુ જમીન બિન ખેતીની નહીં હોવાથી વેપારી છેતરાયા હોવાથી તાલુકા પોલીસ મથકે છેતરપિંડીની ફરિયાદ નોંધાવી હતી. આ ફરિયાદ સામે વડોદરા વકીલ મંડળે વાંધો ઉઠાવ્યો છે. અને કારોબારી સભ્યોની તાકીદની બેઠક બોલાવી વકીલ મયંક પટેલ સામે થયેલ ફરિયાદની નિષ્પક્ષ તપાસ માટે વડોદરા ગ્રામ્ય અને એસપીને રજૂઆત બાબતે ઠરાવ કર્યો છે. જેમાં જણાવ્યું છે કે, ફરિયાદમાં દીવાની તકરાર રહેલી છે. બાનાખત કરારનો વિશેષ રીતે અમલ કરાવી લેવાનો દાવો કરવાના સ્થાને ફરિયાદીએ શોર્ટકટ અજમાવી ખોટી ફરિયાદ કરી હોવાનું વડોદરા વકીલ મંડળના સભ્યોનું માનવું છે. આધાર પુરાવા વગરની આ ફરિયાદ વડોદરા વકીલ મંડળ વખોડી કાઢે છે. પોલીસે ફરિયાદ સ્વીકારવામાં ઉતાવળ દાખવી હોય શંકાસ્પદ છે.

# વડોદરા સિધ્ધનાથ તળાવમાં ફરી લીલ જામી જતા ગંદકીનું સામ્રાજ્ય

વડોદરા શહેરની મધ્યમાં આવેલું સિધ્ધનાથ તળાવ વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશનની બેદરકારીના લીધે ગંદુ અને ગંધાતું બની ગયું છે. તળાવના પાણી પર લીલની ચાદર છવાઈ ગઈ છે. વોર્ડ નંબર ૧૩ ના કોંગ્રેસના સિનિયર કોર્પોરેટરના કહેવા મુજબ આશરે ૬.૫૦ કરોડના ખર્ચે બ્યુટીફિકેશનની કામગીરી કર્યા પછી પણ તળાવની આ હાલત છે.



વડોદરામાં ગત ચોમાસામાં ભારે વરસાદ પડ્યો હોવા છતાં તળાવ ભરાયું ન હતું. લોકોને ના પાડવા છતાં તળાવમાં પૂજાપો ફેંકી જાય છે. લોકો ચાલુ વાહને ઉપરથી કચરો ફેંકીને જતા રહે છે. તળાવમાં અંદર ઉતરીને સફાઈ કરવામાં આવતી નથી. તળાવમાં ફટકડી નાખવા તેમજ શુદ્ધ પાણી માટે બે બોર બનાવવા રજૂઆત કરવામાં આવી હતી, કારણ કે ચોમાસાનું ઉપરથી પાણી પડે તે સિવાય તળાવમાં પાણીની બીજી કોઈ આવક નથી. ફુવારો બનાવવાનું પણ કહેવાયું છે. જેથી પાણીનું હલનચલન થાય. અગાઉ પાણી ઉપર જામેલી લીલ સાફ કરવામાં આવતી હતી. ફટકડી નાખવામાં આવતી હતી. હવે આ બધું બંધ કરી દેવામાં આવ્યું છે. આ અંગે વિસ્તારના લોકોએ તળાવની તકેદારી લેવા લેખિત તેમજ મૌખિક રજૂઆત કરી હોવા છતાં તંત્ર દ્વારા કોઈ ધ્યાન આપવામાં આવ્યું નથી.

## સુરતમાં મચ્છરનો ઉપદ્રવ રોકવા ટેકનોલોજીનો ઉપયોગ : પાલિકા કર્મચારી પહોંચી ન શકે ત્યાં ડ્રોનથી જંતુનાશક દવાનો છંટકાવ

સુરત મહાનગર વિવિધ વિસ્તારમાં છેલ્લા એક મહિનાથી મચ્છરોના ઉપદ્રવથી વ્યાપક ફરિયાદો ઉઠી છે. શહેરીજનો મચ્છરોના ત્રાસથી ત્રાહિમામ પોકારી ઉઠયા છે. જોકે, શહેરમાં કેટલાક એવા બ્લાઈન્ડ સ્પોટ છે જેમાં પાલિકાના કર્મચારીઓ મેન્યુઅલી દવા છંટકાવ કે સર્વે ન કરી શકે તેવી જગ્યાએ ટેકનોલોજીનો ઉપયોગ કરી સમસ્યાનો હલ કરવા માટે પ્રયાસ કરાયો છે. આજે સુરત પાલિકાના રાંદેર ઝોનમાં ભેસાણ વિસ્તારમાં ડ્રોનનો ઉપયોગ કરી આવા સ્પોટ પર દવાનો છંટકાવ કરવાનો પ્રારંભ કરવામાં આવ્યો છે. આ ટેકનોલોજીનો આગામી દિવસોમાં મહત્તમ ઉપયોગ કરવામાં આવશે. શહેરમાં મચ્છરનો ઉપદ્રવ વધવા સાથે પાલિકાએ મચ્છરનો ઉપદ્રવ દૂર કરવા માટે ડ્રાય ડે જેવી ઝુંબેશ અને અન્ય નિયમિત કામગીરી થકી મચ્છરોના બ્રીડિંગ સ્પોટ શોધી તેનો નાશ કરવાની કામગીરી કરવામાં આવી રહી છે. જોકે, આ કામગીરી છતાં પણ હાલમાં શહેરના રાંદેર ઝોનમાં મચ્છરનો ભારે ઉપદ્રવ હોવાની ફરિયાદ વધી છે. આ વિસ્તારમાં અનેક એવા સ્પોટ છે જ્યાં પાલિકાના કર્મચારીઓ સર્વેની કામગીરી કે દવા છંટકાવ કરી શકતા નથી.

# જામનગર નજીક કારમાં ઈંગ્લિશ દારૂની હેરાફેરી એલ.સી.બી. ના હાથે પકડાઈ : ૫૬૩ બોટલો સાથે બે શખ્સોની અટકાયત

જામનગરની લોકલ ક્રાઈમ બ્રાન્ચની ટીમેં ચોક્કસ બાતમીના આધારે સોયલ ટોલનાકા પાસે વોચ ગોઠવી કારની અંદર બનાવેલા જુદા જુદા ૮ ચોર ખાનામાં સંતાડેલો ૫૬૨ નંગ નાની ઈંગ્લિશ દારૂની બોટલોનો જથ્થો કબજે કરી લઈ બે આરોપીઓની અટકાયત કરી છે. અને રૂપિયા ૫.૬૭ લાખની માલમત્તા કબજે કરી લીધી છે.જામનગરની લોકલ ક્રાઈમ બ્રાન્ચની ટીમને ચોક્કસ બાતમી મળી હતી, કે જામનગરના જ વતની બે શખ્સો




દ્વારા એક કારમાં અલગ અલગ ચોરખાના બનાવીને તેમાં ઈંગ્લિશ દારૂની બોટલોનો જથ્થો સંતાડી જામનગર શહેરમાં ઘુસાડવામાં આવી રહ્યો છે, જે બાતમીના આધારે ગઈકાલે



સાંજે સોયલ ટોલનાકા પાસે વોચ ગોઠવી હતી, જે વોચ દરમિયાન જીજે ૨૭ સી.એમ. ૫૭૮૭ નંબરની બ્રેઝા કાર પસાર થતાં સફેદ કલરની બ્લેક પટાવાળી કારને એલસીબીની ટુકડીએ રોકી હતી, અને તેની તલાસી લીધી હતી. જે તલાસી દરમિયાન પ્રથમ દ્રષ્ટિએ કશું મળ્યું નહતું, પરંતુ એલસીબીની ટીમને ચોક્કસપણે બાતમી મળી હતી, કે કારની અંદર અલગ અલગ ચોર ખાનાઓ બનાવ્યા છે. જેથી કારચાલકની જીણવટભરી પૂછપરછ કરતાં આખરે કાર ચાલકે કબુલાત કરી લીધી હતી, અને પોતે કારમાં જુદા જુદા ૮ સ્થળે ચોરખાના બનાવી લીધા છે, અને તેમાં ઈંગ્લીશ દારૂની બોટલોનો જથ્થો સંતાડીને જામનગર લઈ જઈ રહ્યા છે. પોલીસ દ્વારા તેઓ પાસે ચોર ખાના ખોલાવતાં કારના ચારેય દરવાજા કે જેને ડિસમિસની મદદથી ખોલાવીને ચેક કરાવતાં તેની અંદર સંતાડેલી નાની ઈંગ્લિશ દારૂની બોટલોનો મોટો જથ્થો મળી આવ્યો હતો. તે ઉપરાંત કારની પાછળની ટેઈલ લાઈટ કે જે લાઇટને ખોલ્યા બાદ તેની અંદરના ખાંચામાં પણ ઈંગ્લિશ દારૂની નાની બોટલોનો જથ્થો સંતાડયો હતો. જયાંથી પોલીસે ખોલાવીને બહાર કાઢ્યો હતો.આ ઉપરાંત કારના ડેસ્કબોર્ડ અને ડ્રાઈવિંગ સીટની નીચેના ભાગમાં અલગ અલગ ૮ સ્થળે ૫૬૨ નંગ ઈંગ્લિશ દારૂની બોટલોનો જથ્થો સંતાડેલો હતો, જે તમામ દારૂ પોલીસે કબજે કર્યો હતો. તેમજ કારના ચાલક જામનગરમાં હર્ષદ મિલની ચાલી પાસે રહેતા અક્રમ મોહમ્મદ મકરાણી (ઉંમર વર્ષ ૩૫) તેમજ તેના સાથીદાર સાધના કોલોનીમાં રહેતા બીપીન સોમાભાઈ ચાવડા જે બંનેની પોલીસ દ્વારા અટકાયત કરી લેવામાં આવી હતી, જ્યારે તેઓ પાસેથી ૫૬૨ નંગ ઈંગ્લિશ દારૂની બોટલો, બે નંગ મોબાઈલ ફોન, અને કાર સહિત ૫,૬૭,૨૦૦ ની માલમતા કબજે કરી લીધી છે.

# જામનગરમાં નિવૃત્ત પોલીસ અધિકારીનો પુત્ર વાહનમાં ચલાવતો હતો કુટણખાનું, દરોડામાં ઘટસ્ફોટ




જામનગરના રણજીત નગર વિસ્તારમાં રહેતા નિવૃત્ત પોલીસ અધિકારીના પુત્ર કુટણખાનું ચલાવતો હોવાનો ઘટસ્ફોટ થયો છે. આરોપી સરકારી જગ્યામાં ટેમ્પો ટ્રાવેલ્સ પાર્ક કરીને તેની અંદર કુટણખાનું ચલાવતો હતો. ટેમ્પો ટ્રાવેલ્સમાં એ.સી., પલંગ ગાદલા સહિતની સુવિધા ઉપલબ્ધ કરાવતો હતો. આ મામલે પોલીસે દરોડો પાડી ટેમ્પો અને કાર તેમજ રોકડ રકમ વગેરે સહિત નિવૃત પોલીસ પુત્ર ની અટકાયત કરી લીધી છે. જયારે અન્ય એક આરોપી ફરાર છે. મળતી માહિતી અનુસાર, જામનગરના રણજીત નગર વિસ્તારમાં રહેતા નિવૃત્ત પોલીસ અધિકારીનો પુત્ર અશોકસિંહ ઝાલા ટેમ્પો ટ્રાવેલ્સને સરકારી જગ્યામાં પાર્ક કરીને તેમાં કુટણખાનું ચલાવતો હતો. આ અંગે બાતમીના આધારે પોલીસની ટીમે દરોડો પાડયો હતો. જે દરોડા દરમિયાન ટેમ્પો ટ્રાવેલ્સની અંદર એક પુરુષ ગ્રાહકને રાજસ્થાનની યુવતીને બોલાવીને શરીર સુખ માણવા માટેની વ્યવસ્થા કરી કરાઈ હતી. આ દરમિયાન ટેમ્પો ટ્રાવેલ્સનો પાછળનો દરવાજો ખોલીને દિલીપ નામનો શખસ ભાગી છૂટ્યો હતો. મુખ્ય આરોપી અશોકસિંહ પ્રવિણસિંહ ઝાલાની અટકાયત કરતાં ચાર મોબાઈલ મળી આવ્યા હતા. ઉપરાંત ટેમ્પો ટ્રાવેલ્સની બસમાં અંદર પુરુષ ગ્રાહકો માટે એ.સી. ની વ્યવસ્થા, ઉપરાંત લાકડાની શેટ્ટી રાખી ને શરીર સુખ માણવા માટે ગાદલા ઓશિકા તથા કોન્ડોમ સહિતની તમામ સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવી હતી.ટેમ્પો ટ્રાવેલ્સની અંદર જ એસી, ગાદલાં, ઓશિકા સહિતની તમામ સુવિધાઓ આપવામાં આવતી હતી.

# જામનગરમાં દુષ્કર્મની ચોંકવનારી ઘટના, સગીરાએ મૃત બાળકને જન્મ આપ્યો, આરોપીએ આપઘાતનો પ્રયાસ કર્યો

જામનગરના નવા નાગના ગામમાં રહેતી અને ધોરણ ૧૦માં અભ્યાસ કરતી વિદ્યાર્થિની પર તેના પરિવાર શખસે દુષ્કર્મ આચર્યું હતું. સગીરા ગર્ભવતી બનતા આ મામલો સામે આવ્યો હતો. જે બાદ સગીરાની માતાએ આરોપી સામે બેડી મરીન પોલીસ મથકમાં દુષ્કર્મ અંગેનો ગુનો નોંધાવ્યો હતો. આ ફરિયાદ નોંધાવ્યા બાદ



આરોપીએ ટ્રેન નીચે પડતું મૂકી આપઘાતનો પ્રયાસ કરતા ઈજાગ્રસ્ત થયો હતો, હાલ તે સારવાર હેઠળ છે.

મળતી માહિતી અનુસાર, જામનગર તાલુકાના નવાનાગના ગામમાં રહેતી ૧૫ વર્ષીય સગીરા પર પોતાનાં જ કુટુંબી ૨૫ વર્ષીય શખસે હવસનો શિકાર બનાવી હતી. જેના કારણે સગીરા ગર્ભવતી બની ગઈ હતી. જયારે સગીરાને પ્રસુતિની પીડા ઉપડી હતી અને જામનગરની સરકારી જી.જી. હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી. જ્યાં તબીબોએ સગીરાને ગર્ભવતી જાહેર કરી હતી.

# એમજીવીસીએલ કચેરીએ એકત્ર બેરોજગાર યુવકોનો ભારે સૂત્રોચાર-ધરણા

રાજયભરના મોટી સંખ્યામાં બેરોજગાર યુવાનો ખાતે આવેલી એમજીવીસીએલની ઓફિસ બહાર તંત્રના બહેરા કાને પહોંચાડવા ભૂખ હડતાલ પર ઉતરીને ભારે સૂત્રોચાર કરી રહ્યા છે.

ઉલ્લેખનીય છે કે એમજીવીસીએલમાં અગાઉ ૮૦૦ જેટલી જગ્યાઓ ખાલી હતી. આ અંગે લેવાયેલી પરીક્ષા અને ઈન્ટરવ્યૂમાં રાજયભરના વિવિધ જિલ્લામાંથી કેટલાય બેરોજગાર યુવકો જરૂરી કાર્યવાહીમાં ખરા ઉતર્યા હતા. ત્યારબાદ અત્યાર સુધી આવા બેરોજગાર યુવકોને નોકરી પર લેવાયા નથી. જેથી રાજયભરના અનેક બેરોજગાર યુવકો અગાઉ પણ વીજ કંપનીની ઓફિસે એકત્ર થઈને ધરણા સહિત સૂત્રોચારમાં જોડાયા હતા ત્યારે તંત્ર દ્વારા આવા બેરોજગાર યુવકોને સાંત્વના આપવામાં આવી હતી. પરંતુ ત્યારબાદ કોઈ કાર્યવાહી નહીં જતા આજે ફરી એકવાર રાજ્યભરના અનેક બેરોજગાર યુવકો એમજીવીસીએલ ની ઓફિસે એકત્ર થયા હતા અને ભારે સૂત્રોચારથી તંત્ર સુધી તેમની માંગ પહોંચાડવા ભૂખ હડતાલ પર બેઠા હતા.




# વડોદરામાં લો-પ્રેસર આઈકલોનિકના કારણે હવામાનમાં આવ્યો પલટો

લો પ્રેસર આઈકલોનિકના કારણે તા.૧થી ૪ ફેબ્રુઆરી દરમિયાન રાજયના વિવિધ વિસ્તારોમાં કમોસમી વરસાદ અથવા વાદળછાયું વાતાવરણ રહેવાની આગાહી હવામાન વિભાગ દ્વારા વ્યક્ત કરવામાં આવી હતી. જે અંતર્ગત આજે વડોદરાના હવામાનમાં અચાનક પલટો આવ્યો હતો અને આકાશ વાદળોથી ઢંકાઈ ગયું હતું.



લો પ્રેસર આઈકલોનિકના કારણે આગામી ચાર દિવસ રાજ્યના વિવિધ વિસ્તાર પૈકી મધ્ય ગુજરાતમાં પંચમહાલ, દાહોદ, છોટાઉદેપુર, વડોદરા તથા દક્ષિણ ગુજરાતના ભરૂચ, નર્મદા, સુરત, તાપી, નવસારી, ડાંગ, વલસાડ, દમણ, દાદરા નગર હવેલી વગેરે જગ્યાએ છુટા છવાયા સ્થળોએ વરસાદની આગાહી વ્યક્ત કરવામાં આવી છે. આ સાથે થન્ડરસ્ટોમની વૉર્નિંગ પણ આપવામાં આવી છે. ચાર દિવસ દરમિયાન વરસાદની આગાહી અંતર્ગત આજે વડોદરા શહેરમાં અચાનક વાતાવરણમાં પલટો આવ્યો હતો અને બપોરના સમયે આકાશમાં વાદળોની ફોજ જોવા મળી હતી. જેના કારણે સૂરજ દેવના દર્શન બંધ થતા તડકાની અસર ઓછી થઈ હતી. ગરમીમાં સામાન્ય ઘટાડો થવાની સાથો સાથ બફારાનું સામ્રાજય શહેરીજનોએ અનુભવ્યું હતું. રાજયમાં કમોસમી માવઠું થાય છે તો તેના કારણે ઉનાળુ પાક ઘઉં તેમજ કેરીના ઉત્પાદનને વ્યાપક અસર થવાની શક્યતા વર્તાઈ રહી છે.

## વડોદરામાં ભીમનાથ તળાવ ફરી મૂળ સ્વરૂપે થતા પરશુરામ ભઠ્ઠા વિસ્તારમાં ભરાતા પૂરના પાણી નહીં ભરાય

વડોદરા શહેરમાં વિશ્વામિત્રી નદીમાં બે વાર આવેલા પૂર પછી નદીને પહોળી અને ઊંડી કરવાના લેવાયેલા નિર્ણય બાદ કામગીરી શરૂ થઈ છે. જેમાં જેતલપુર બ્રિજ નજીક પરશુરામ ભઠ્ઠા પાસે આવેલા અડધા ઉપરાંત ભીમનાથ તળાવને એના કે એના પૂરી દેવામાં આવ્યું છે. આ તળાવને પુનઃ મૂળ સ્વરૂપે લાવવાની કામગીરી શરૂ કરાતા સ્થાનિક રહીશોને ચોમાસા અને વિશ્વામિત્રીમાં પૂરના સમયે વિસ્તારમાં પ્રવેશતા વરસાદી પાણીથી મુક્તિ મળશે. ઉલ્લેખનીય છે કે ગત ચોમાસાના ઓગસ્ટ મહિનામાં બે વખત શહેરમાં વિશ્વામિત્રી નદીના પૂર ફરી વળ્યા હતા. દરમ્યાન સયાજીગંજ પરશુરામ ભઠ્ઠા વિસ્તારના ભીમનાથ તળાવમાં પણ વરસાદી પાણી ભરાતા વિસ્તારમાં પાણી ભરાઈ ગયા હતા.

# બિહારથી ગુમ થયેલા કિશોરનું પોલીસે પરિવાર સાથે મિલન કરાવ્યું




વડોદરાના જે.પી રોડ પોલીસ સ્ટેશન વિસ્તારમાં મળી આવેલા દસ વર્ષના કિશોરને તેના પરિવારજનો સાથે મેળાપ કરાવવા માટે પોલીસના પ્રયાસોને સફળતા મળી હતી.જુના પાદરા રોડ પર અક્ષર ચોક પાસે ગઈકાલે એક કિશોર રડી રહ્યો હોવાથી લોકોએ તેની પૂછપરછ કરી હતી, પરંતુ તેની ભાષા સમજાતી ન હતી. જે.પી રોડના પી.આઈને આ બાબતની જાણ થતા તેમણે ટીમ મોકલી હતી. કિશોર ભોજપુરી ભાષા બોલતો હોવાનું પ્રાથમિક રીતે જણાઈ આવતાં પોલીસે કેટલાક પર પ્રાંતિય લોકોની મદદ લીધી હતી. આખરે એક દુભાષિયો કામમાં આવ્યો હતો. તેણે બાળક પાસેથી તેનો જિલ્લો અને ગામનું નામ જાણી લેતા પોલીસે ગામના સરપંચનો સંપર્ક કર્યો હતો.

સરપંચ પાસે ગુમ થયેલા બાળકની વિગતો પહેલેથી જ હતી. જેથી તેણે કિશોરનો પરિવાર તેને શોધવા લાગી ગયો હોવાની જાણ કરી તેના પિતાનો નંબર આપતા જે.પી રોડ પોલીસે મોબાઈલ પર સંપર્ક કરી કિશોરના પિતાને વડોદરા બોલાવી હેમખેમ સોપ્યો હતો.

**Printed,Published&Owned,Editor by,**TETARAWAL ROOPSINGH HEMARAM **Printed at** SHIVAM OFFSET, PLOT NO - 521/2,GH-6 CORNER,Sector-22,Gandhinagar-PIN. 382 022 . and **Published at** ,I-406, Amardeep residency, NR. Pushkar bungalow, Nana chiloda, Ahmedabad/ Gandhinagar - 382330,(GUJARAT) M - 9909441697